॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે સળંગ અંક ૪૬૦, જુન–૨૦૨૪, રૂા. ૫.૦૦/–

સમૂહ શ્રીમદ્ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ પ્રસંગે ભુજ મંદિરમાં વિરાજતા શ્રી નરનારાયણાદિ દેવોના રજત-સુવર્ણના વાઘા ભુજ મહિલા મંદિરના મહંત સાં. યો. સામબાઇ ફઇ દ્વારા અર્પણ કરાયા.









॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૦

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૪ અંક-૪ જુન-૨૦૨૪
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૬૧

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith



ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૭ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૯ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર–અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

સોનામાં સુંગધ ભળે એ રીતે ચૈત્ર વદ અમાસથી શરૂ થયેલ શ્રીમદ્ ભાગવત્ પંચાહ્ન પારાયણ સાથે વૈશાખ સુદ પાંચમના દિને ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન શ્રીનરનારાયણદેવના ૨૦૧ માં પાટોત્સવની ભવ્ય ઊજવણી સત્સંગીઓના ભક્તિભાવને ત્રિગુણાતિત બનાવી ગઇ.

અષાઢ માસ એટલે વર્ષાઋતુનો પ્રારંભ......કચ્છી નૂતન વર્ષનો પ્રારંભ, હિંડોળા ઉત્સવનો મહિનો ભક્તો શ્રીજીમહારાજ તો પ્રત્યેક સત્સંગીના હૃદયમાં વિરાજીત છે; જેને પરિણામે સત્સંગીઓના જીવન ભક્તિથી લીલાછમ રહે છે. શ્રીજીમહારાજે પૃથ્વી પર જે જ્ઞાન વાર્તાઓ કરી છે એ પ્રત્યેક ગામમાં વૃક્ષ નીચે જ જોવા મળે છે. જે આ પ્રત્યક્ષપણે વનસ્પતિ સંરક્ષણ જ દર્શાવે છે.

ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામીએ વિશ્વમાં વધી રહેલા તાપમાનને અટકાવવા વૃક્ષારોપણ કરવાની આજ્ઞા કરી છે. અર્થાત્ અભિયાનના રૂપમાં આ કાર્ય કરવા પ્રેરિત કર્યા છે.

આવી રીતે આજનો માનવી નિરંકુશ બન્યો છે, નિજી સ્વાર્થ ખાતર વૃક્ષ છેદન કરી રહ્યો છે. વિજ્ઞાને ચેતવણી આપી છે કે, વૃક્ષોનું નિકંદન નીકળતું રહેશે અને વધુ વૃક્ષો ઉગાડવામાં નહીં આવે તો પૃથ્વી પરની સજીવ સૃષ્ટિ ખતમ થઇ જશે. અને તેથીજ આપણે સૌ પ્રતિજ્ઞા લઇએ કે આપણા મંદિરો, શાળાઓ, કાર્યાલયો, ઘર આંગણે, સાર્વજનિક સ્થળોએ, ખેતર, વાડી, બગીચાઓ જેવા સ્થળઓએ વધારેમાં વધારે વૃક્ષો વાવીએ...વર્ષાઋતુમાં બાલતરુઓથી વાતાવરણ લીલુંછમ બનાવીએ.

પ્રવર્તમાન સમયમાં વૃક્ષો 'નીલંકઠ' બનીને કાર્બનડાયોકસાઇડ, કાર્બન મોનોકસાઇડ જેવા અનેક ઝેરી વાયુઓનું શોષણ કરી ઓકસીજન ભેટ ધરે છે. દર વર્ષે પાંચમી જૂન 'પર્વારણ દિન' ઉજવાય છે, પણ ભગવાન સ્વામિનારાયણે પર્યાવરણ શુદ્ધિ માટેનો યજ્ઞ એમના કર્તૃત્ત્વકાળથી જ આરંભ્યો હતો. પીપળો અને વડ તો દિવસ અને રાત ઓક્સીજન છોડે છે. માટે જ આપણા શાસ્ત્રોમાં પીપળાને પાણી અને વટસાવિત્રીના વ્રતને મહત્ત્વ આપ્યું છે.

કચ્છ જેવી સૂકી ધરાને ચિરંજીવી રાખવા આપણે શું વૃક્ષો નહીં વાવીએ..? જરૂર વાવીશું. કોઇ કવિએ વડ, પીપળો અને લીંબડો ત્રણ પૃથ્વી ઉપરના ત્રિદેવ છે એવી વાર્તા કરી છે.

બરગદ એક લગાઇએ, પીપલ રોંપે પાંચ । ઘર ઘર નીમ લગાઇએં, યહી પુરાતન સોંચ ॥
વિશ્વતાપ મિટ જાય હોય હર જન મન ગદગદ । ધરતી પર ત્રિદેવ હૈ, નીમ, પીપલ ઔર બરગદ ॥

વૃક્ષ વાવશું તો જમીન પરના જળનું તથા ભૂગર્ભ જળનું રીસાઇકલીંગ (Recycling) થઇ વરસાદ વધારે વરસશે, વધારે અનાજ પાકશે, વૃક્ષો વરસાદ ખેંચી લાવશે, શુદ્ધ ઓકસીજન મળશે, તાપમાન ઘટશે, જમીન ફળદ્રુપ બનશે. જમીનનું ધોવાણ અટકશે.... આમ એકમાત્ર વૃક્ષારોપણને પરિણામે અઢળક ફાયદા થશે. આજે માનવી સ્વાર્થી બનીને પોતાના જ અસ્તિત્વ સામે અગનખેલ ખેલી રહ્યો છે, ત્યારે ભુજ મંદિરના મહંત સ્વામીએ શ્રીનરનારાયણદેવના ૨૦૧ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે વધારે ને વધારે વૃક્ષો વાવવા અપીલ કરી છે. તો આવો, આપણે સૌ પૂ.મહંત સ્વામીના આદેશને શિરોધાર્ય કરી વધારે ને વધારે વૃક્ષો વાવી ધરતીને નવપલ્લવિત કરી નંદનવન બનાવીએ.

જય શ્રીસ્વામિનારાયણ

# ઝીણાભાઇ - ઝીણા નહિં પણ મોટા ભાઇ

રાધાબેન રસિકભાઇ ગોળવિયા - સુરત

પંચાળાના ઝીણાભાઈ એટલે કે હેમંતસિંહ જેમના પિતા મનુભા, માતા ગંગાબા, પત્ની જવરાબા, બહેન અદીબા જેઓ ક્ષત્રિયકુળ ભૂષણ સિદ્ધરાજ જયસિંહના વંશના હતા. કાકા સુજાનસિંહ જે જેમના વડવા હતા. તેમના દિકરા દાદાભાઈ અને ગગાભાઈ ગરાસીયા જે દાદાભાઈની જમીન-જગ્યા ઉપર હાલ જૂનાગઢ શ્રીરાધારમણદેવનું મંદિર ઊભું છે. આ કુટુંબોના વડીલોથી રામાનંદ સ્વામીનો સત્સંગ હતો. પોતાનું કુટુંબ પંચાળા અને કાકાનું કુટુંબ જમનાવડ ગામે રહેતું હતું. પણ ઝીણાભાઈ જૂનાગઢના નવાબને ત્યાં દિવાન અને આગળ પડતા મોભાદાર વ્યક્તિ હતા. નામ ભલે ઝીણાભાઈ હતું પણ ઝીણાભાઈ બહુ જબરા હતા જે થોડાક પ્રસંગથી ટૂંકમાં જાણીએ.

સંસારના વિવેકી તો હતા જ પણ સત્સંગમાં પણ વિવેકી હતા તે માટે હરિચરિત્ર ચિંતામણીમાં ૧૧૧ નંબરની વાતમાં શ્રીજીમહારાજે ગઢપુરના એભલ પરિવાર અને અન્ય સંતો-ભક્તોને સમૈયા-ઉત્સવ ઉપર શું સેવા સોંપી હતી તે ઉપર તે ઉપર પંચાળાના ઝીણાભાઈને દેશ-દેશાંતરથી સમૈયા ઉપર જે હરિભક્તો આવે તે આગળ સત્સંગમાં કેમ વર્તવું ને ન વર્તવું તે વાત કરવારૂપના વિવેકની વાત કરવાની બહારગામથી આવતા ખેડૂત કે મજૂર વર્ગના (અભણ સત્સંગીઓ)ને ઉત્સવ સમૈયામાં કેવી રીતે રહેવું, વર્તવું તે શીખવાની સેવા કરી મહારાજને રાજી કરતા હતા. ને સેવા કરી મહારાજ કેમ રાજી થાય તેવું જ તાન રહેતું.

ઝીણાભાઈને મહારાજે લોભી કહ્યા છે પણ તેને એવો તે લોભ રહેતો કે મારે ઘેર મહારાજ કેમ વધુ પધારે, સંતો કેમ વધુ પધારે અને રહે, જમે, સત્સંગ કરે તેમજ મહારાજને અર્થે સત્સંગને અર્થે ન વપરાયું તે શું કામનું આવો લોભ કાયમ રહેતો તેથી મહારાજે સુરાખાચર ભાંડભવાઈ બીજામાં ખોટું ખોટું વાપરે અને વાહ વાહ કરાવે તેના કરતા ઉદાર સુરાખાચર સામે ઝીણાભાઈને સત્સંગનો, મહારાજનો, સંતોનો કાયમ લોભ રહેતો તો છે ને ખરેખર મોટા ભાઈ.

એક વખતે મહારાજને કારિયાણીથી પંચાળા લઈ જવા હતા રસ્તામાં લોયા આવે. તે ગામથી બારોબાર ન જવાય તેવો મોટા સંતોનો મત હતો તેથી પ્રથમ લોયા ગયા અને પંચાળા ન પધાર્યા તેથી ઝીણાભાઈએ નિયમ લીધેલું કે મહારાજ પંચાળા ન પધારે ત્યાં સુધી માથે પાઘડી બાંધવી નહિં અને અતિ કચવાઈ ગયા જયારે મહારાજે ઝીણાભાઈને લોયામાં કહ્યું કે સત્સંગમાં રહ્યા થકા મુંઝાઈને રીસ કરે તે એક સમે તેનો પ્રેમ ખોટો થઈ જાય છે. પછી ઝીણાભાઈ જ્ઞાને કરીને તે વાત વિસરી આનંદિત થયા પછી તો મહારાજ ત્યાં પધારેલા અને રાજી કરેલ.

સંતોની વાતોમાં ઝીણાભાઈ શૂરવીર હતા તેમની વાત મોકા ખાચર દ્વારા સભામાં કરાવેલી. મોકા ખાચરને ઘેર રાત રહી ગઢપુર બંને ઘોડા લઈને આવતા રસ્તામાં માંડવધાર નદીના પટ્ટમાં ભાણ ખાચરે નાતીલા જાણી રોક્યા. કુનેહ કરી ઘોડી બાંધેલી તે ભાણ ખાચરનો માણસ સનાહથી છોડતો હતો તે જાણી ઝીણાભાઈએ બંને હાથથી ભાણ ખાચરના મુછના થોભા પકડી બોલ્યા ઘોડીને અડશો નહીં નહીંતર તમારો અને અમારો પ્રાણ જશે. તેવા શૂરવીર હતા છે ને મોટા ભાઈ.

વચનામૃતમાં મહારાજે ગ.અંત્ય-૧ ના વચનામૃતમાં જ્ઞાનના અંગવાળા ઝીણાભાઈનું બીજા બે ભક્તો સાથે નામ લખ્યું છે. જેમને ભગવાનના દર્શન વગર અર્ધી ઘડી ન ચાલે તેવા હતા, છે ને મોટા ભાઈ. ગ.અંત્ય ૨૪ માં ઝીણાભાઈ ઠાકોરનું એવું અંગ કે ભગવાન વિના બીજા પદાર્થમાં ન બંધાઈ જવાય માટે.

જૂનાગઢ નવાબની કચેરીમાં મોભાદાર હોદાવાળા હતા. અને નવાબના અને રાજયના આમંત્રણથી મુજાવરામાં જવાનું થતું પણ તેઓ તે સભામાં સ્ત્રીઓ નાચતી હોય ત્યાં ગૌમુખીમાં હાથ રાખી નીચું મુખ અથવા આંખો મીંચીને ભગવાનનું નામ સ્મરણ કરતા તેથી નવાબે તેને એક જીતેન્દ્રીય પુરુષ કહ્યા અને કહ્યું કે આવો જીતેન્દ્રીય પુરુષ મેં જીંદગીમાં દીઠો નથી. અને નવાબે રાજી થઈને કહેલું કે આવા મુજાવરામાં તમારી ઈચ્છા ન હોય તો તમારે ન આવવું છુટ છે. આવા તો જીતેન્દ્રીય પુરુષ હતા. ઝીણાભાઈ, છે ને મોટા ભાઈ.

એક રાજવી પુરુષ પંચાળા ગામનો ધણી-

દરબાર હોવા છતાં એક માંગરોળના કમળશી વાંજા નામનો ગરીબ અને દુર્બળ બિમાર હરિભક્તની સત્સંગીના નાતે ખાટલા સાથે માંગરોળથી પોતાના ખભે ઉપાડી જૂનાગઢ લાવેલા. કેટલા સત્સંગીનો સંબંધ કેટલું નિર્માનીપણું અને તે બિમાર બિમાર કમળશી ભગતની એક પોતાના જાણીને સેવા કરી મહારાજનો રાજીપો મેળવેલો અને એથી તો મહારાજે ઝીણાભાઈની નનામી ઉપાડી ભક્તની સેવા કરેલી તેનું ઋણ ચુકવેલું. છે ને ઝીણાભાઈ મોટા ભાઈ.

શ્રીજીમહારાજ મોટાભાઈ (ધર્મકુળ) આવેલા જે પરદેશીને અહીં ગુજરાતમાં ગમે અને ઉદાસ ન થાય તેથી પોતાને ગામ પંચાળા લઈ જઈ ખૂબ મિષ્ટાન, દૂધ, માખણ, દહીં, ઘી જમાડીને ખૂબ રાજી કરેલા. અને રામપ્રતાપભાઈ રાજી થઈ કહેતા ઐસા હૈ કાઠીયાવાડ દેશ અને તેથી ઘણુંજ ગુજરાતમાં રામપ્રતાપભાઈ રોકાયા હતા. ધર્મકુળને રાજી કરીને મહારાજનો રાજીપો મેળવેલો છે ને ઝીણાભાઈ ખરેખર મોટા ભાઈ.

પોતાના આંગણે પંચાળામાં મહારાજ અને સંતો રાજી થાય તે પ્રમાણે ફૂલડોલ ઉત્સવ અને મહારાસ ઉત્સવ કરાવી શ્રીજીમહારાજનો રાજીપો મેળવ્યો હતો. વિશેષે મહારાજની આજ્ઞાથી આખા ગામને શેલણનું જમણ આપી ગામ લોકોને અને મહારાજને રાજી કરેલા. છે ને મોટા ભાઈ ઝીણાભાઈ.


મહારાજના એક બિમાર ભક્ત કમળશી માટે બહેન સાથે અબોલા રાખેલા. કમળશી ભક્ત માટે જોઈતી વસ્તુ અદીબાએ નહોતી આપી તો ઝીણાભાઈ દીલગીર થઈ ગયા મારા પ્રભુના ભક્ત માટે વસ્તુ ન આપે અને કામ ન આવે તો તે બહેન સાથે છ મહિના બોલેલા નહીં. પછી મહારાજને ખબર પડતા સમાધાન કરાવેલું છે ને મોટા ભાઈ ઝીણાભાઈ.

પંચાળામાં પોતાને ઘેર પોતાની બહેન અદીબા સાથે પરણવાનો મનુષ્યભાવ મહારાજે કરેલો મનુષ્ય ચરિત્ર કરેલું છતાં ઝીણાભાઈને મહારાજમાં મનુષ્યભાવ ન આવ્યો, દિવ્યભાવ જ રહ્યો. અને મહારાજને એમ પણ ન પુછ્યું કે કેમ આજ્ઞા થતા તરત જ પોતાના બહેનને સારા વસ્ત્ર-અલંકાર પહેરી મહારાજ પાસે હાજર કર્યા. પછી તો મહારાજને એમ કરવું ન હતું પણ ઝીણાભાઈની ધીરજતા અદીબાની ધીરજતા વગેરે તપાસતા હતા. છે ને ખરેખર ઝીણાભાઈ મોટા ભાઈ.

આવા પંચાળાના ઝીણાભાઈ સંસારિક નામથી હેંમતસિંહ હતા પણ સત્સંગમાં મોટા ભાઈ કહીએ, વિવેકી ભક્ત કહીએ કે સંતોએ કહ્યા મુજબ ભક્ત શિરોમણી ઝીણાભાઈ કહીએ તો બિલકુલ ખોટું નથી. એક રાજવી પુરુષ ઉચ્ચ રાજ્યના હોદા ઉપર હોવા છતાં એક નાનામાં નાના થઈ સત્સંગમાં દીન-આધિન થઈને રહ્યા તેના ઉપર ભગવાન કેમ રાજી ન હોય. ઝીણાભાઈ આપણે મોટાભાઈ કહીશું, તો જેઓના નામ સત્સંગના શાસ્ત્રોમાં સુવર્ણ અક્ષરે લખાયા છે એવા ભક્તોને લાખ લાખ પ્રણામ.

## શિક્ષાપત્રી શ્લોક -૮૧

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી'



**સર્વવૈષ્ણવરાજ શ્રીવલ્લભાચાર્યનન્દનઃ ।**
**શ્રીવિઠ્ઠલેશઃ કૃતવાન્ યં વ્રતોત્સવનિર્ણયમ્ ॥**

સર્વે વૈષ્ણવોના રાજા એવા શ્રીવલ્ભાચાર્યના પુત્ર જે વિઠ્ઠલનાથજીએ જે વ્રતો અને ઉત્સવોનો નિર્ણય કરેલો છે, તે નિર્ણયને અનુસરીને જ સર્વે વ્રતો અને ઉત્સવો કરવા.

આ માયાવી અને વ્યવહારથી ભર્યાભર્યા સંસારમાં જો માતા-પિતા, પરિવાર, ધર્મરંગી, સનાતનસંગી, સદ્‌ગુરુ સમર્પિત, નિષ્ઠાદર્શી, દયાવાન જો તેમના જીવનમાં ન થઈ શક્યા હોય, કે તેઓ અજાણ અને અજ્ઞાનતાથી માત્ર ને માત્ર સમાજ પ્રેમી, વ્યવહાર કુશળ, ભૌતિક સમૃદ્ધિ, ભૂખ્યા, બદ્ધિવાદી, વિતંડાવાદી, અહંમકેન્દ્રી અને જન્મ-મૃત્યુના વિષચક્રમાં જ ફસાયેલા રહ્યા હોય તો તેઓ તેમની પેઢીની પછીની પેઢીને માનવજીવનના

ઊચ્ચતમ આદર્શો, મંદિર-મૂર્તિનું માનવજીવમાં અમૂલું સ્થાન, શાસ્ત્રોની મૂળભૂત દિવ્ય સમજણ, નૈતિકતા, અનૈતિકતા, ધર્માચરણ-પાપાચરણ વચ્ચેનો તફાવત, માનવ-માનવ પ્રત્યેની પ્રેમભાવના જેવા અનેકાનેક ગુણો તેમના સંતાનને કેમ આપી શકે.

સૈદ્ધાંતિક રીતે પણ જેની પાસે જે હોય તે તેજ આપી શકે ને. ? શાળાઓ-કોલેજો પાસે નિયત અભ્યાસક્રમ હોય, તો તે જ શીખવાડી શકે ને.? તો અબૂધ બાળકને મોટા થતાં થતાં પોતાનો વિકાસ કેમ કરવો, ક્યાં જીવનનો અમૂલ્ય વિકાસ ઉપલબ્ધ છે.? તેની જાણ મેળવવી અને ઈશ્વરદત્ત મા-બાપ તરફથી કર્મબંધન યુક્ત મળેલ ટૂંકા આયુષ્યમાં જ પોતાના જીવનને ઓપાવી જવું, આની પ્રેરણા, માર્ગદર્શનને પીઠબળ મેળવવા પોતાની સમજણ ને જ ઉપયોગમાં લાવવી જોઈએ. માટે જ સત્સંગી ગુણોથી મઠારાયેલો પરિવાર અબુધ બાળક માટે જન્મતાંજ માર્ગે ચડાવનારો થઈ શકે છે.

કલિયુગી સંસારમાં તો બસ..

**ખાઓ-પીઓ પેટ ભરો,**
**મન ફાવે તેમ જીવ્યા કરો.**
**બીજાનું થવાનું હોય તે થા,**
**માત્ર પોતાનું તરભાણું ભરો.**

આવા કલિયુગી સંસાર સાગરની વચ્ચોવચ્ચ જ શર્ચલાઈટની જેમ જ ફરફરાટ કરતી મંદિરની દિવ્ય શિખર ધ્વજાઓ આવા અસાર સંસારમાં સાગરના ઝંઝાવાતી તોફાનોમાં પણ આ જ સંસારીઓના જીવનો ઉદ્ધાર માટે જ્ઞાનામૃતની ઝરમર ઝરમર વર્ષા વરસાવતા દિવ્ય ટાપુઓ જેમ સપ્રેમ આકર્શી રહી છે. જેમાં સદા સર્વદા ભગવા વસ્ત્રધારી સંતો, સદ્‌ગુરુઓ નિરંતર વેદો, પુરાણો, સ્મૃતિઓ, શ્રુતિઓ, બ્રાહ્મણ ગ્રંથો ઈત્યાદિમાં ઊભરાતા જ્ઞાનના ઝરણાંઓ વહાવી રહ્યા છે. કથાવાર્તાઓમાં રામાયણ, શ્રીમદ્‌ભાગવત, શ્રીભગવદ્‌ગીતાના દિવ્યાતિદિવ્ય અમીસભર સારને પણ સતત કર્ણ શ્રવણને પહોંચાડવા, હેન્ડબૂક, પોકેટબૂક અને આધુનિક વૈજ્ઞાનિક ટી.વી., મોબાઈલ મારફતે પણ સંસારીઓને પહોંચાડવા શ્રીજીમહારાજે ફરી વધુ એક વખત પૃથ્વી ઉપર પધાર્યા અને આજે તેમના પ્રબોધેલ શિક્ષાપત્રી જીવનના પ્રત્યેક પ્રસંગને આવરી લેતાં વચનામૃતો વહાવી ગયા છે. અને પ્રત્યેક સત્સંગીને સત્સંગિઓનું જીવન કેવું હોવું જોઈએ તે જીવીને પણ બતાવી ગયા છે.

શતાનંદ સ્વામીએ આ શ્લોકને વધુ ઉજાગર કરતાં જણાવ્યું છે કે, અગ્નિના અવતારપણે પ્રસિદ્ધ એવા જે શ્રીવલ્લભાચાર્ય તેમના પુત્રપણે પ્રગટ થયેલા ભગવાન વિઠ્ઠલનાથજીએ શરણે આવેલા જનોને જણાવવા માટે ‘અમુક તિથિએ અમુક વ્રત કરવું’ આ રીતે એકાદશી આદિક વ્રતોનો અને અન્નકૂટાદિક ઉત્સવોનો નિર્ણય કરેલો છે. તે નિર્ણયને અનુસારે જ સર્વે વ્રતો અને ઉત્સવો કરવા, પણ બીજા કહેલી રીતી વડે વ્રતો અને ઉત્સવો કરવા નહિં.

શ્રીવિઠ્ઠલનાથજીની આ આજ્ઞાને ‘ઘડી શાસ્ત્ર’ના સિદ્ધાંત પ્રમાણે પણ સમજી લઈએ. પ્રત્યેક દિવસ-રાતની સમયના માપ પ્રમાણે વ્રત ૬૦ ઘડી



થાય છે. તેમાં ૫૫ ઘડીની દશમ હોય, તો એ દશમીનો એકાદશીમાં વેધ આવ્યો કહેવાય, તેથી દશમીના વેધવાળી એકાદશીનો ઉપવાસ કરવો

નહિ. હવે જો દશમ ૫૫ ઘડીથી ઓછી હોય તો તે એકાદશી શુદ્ધ કહેવાય. તો તેવી એકાદશીનો ઉપવાસ કરવો. હવે દશમીનો વેધ એકાદશીમાં આવતો ન હોય, શુદ્ધ બે એકાદશી આવી જતી હોય તો બીજી એકાદશીનો ઉપવાસ કરવો. અને દશમના વેધથી રહિત એકાદશીનો ક્ષય હોય અને બે બારસ જો આવી જતી હોય તો પહેલી બારસનો ઉપવાસ કરવો. અને બીજી બારસના પારણાં કરવા. આટલું સુક્ષ્મ નિદર્શિત જ્ઞાન શ્રીવિઠ્ઠલનાથજીએ સમજાવ્યું છે. અને શિક્ષાપત્રીના આ શ્લોકમાં તે સ્વીકારાયેલું છે. તો અભણ કે ખબર પણ ન પડી શકતી હોય તેવા હરિભક્તે કરવું શું?

**"સુક્ષ્મ ગણિત ભલે ન આવડે,**
**ઘડી વધ ઘટની ચિંતા છોડો.**
**મંદિરના તારીખિયા ઉપર,**
**આપણી ઊંડી શ્રદ્ધા જોડો."**

આપણે સૌ મંદિરમાં આવન-જાવન કરતા સત્સંગીઓ ટાંપીને અગિયારસ ઉપવાસ કરીએ તો છીએ, પણ કેમ ? અને કેવી રીતે કરીએ છીએ ? આપણને આટલું સુક્ષ્મ જ્ઞાન ન હોવાથી મંદિર દ્વારા ઘરમાં ખીંટીએટીંગાતા તારીખિયા-કેલેન્ડર પ્રમાણે જ એકાદશી-ઉપવાસ કરીએ છીએ અને તારીખિયામાં દશ્યમાન મૂર્તિનાં પણ વિનમ્રતાથી દર્શન પણ કરી લઈએ છીએ. ચાલો તારીખિયાની પણ જય હો...

વળી શ્રીવિઠ્ઠલનાથજીના બતાવેલા ઉત્સવના નિર્ણયનું દિશા સૂચન શ્રીશતાનંદ સ્વામી વધુ સમજાવે છે કે, કાર્તિક માસના શુક્લ પક્ષની એકમને દિવસે જો ચંદ્ર દર્શન હોય તો તેના આગલે દિવસે એટલેકે દિવાળીના દિવસે અન્નકૂટનો ઉત્સવ કરવો. અને જો ચંદ્રદર્શન બીજને દિવસે હોય તો એકમને દિવસે અન્નકૂટ કરવો. પણ નોંધી લઈએ કે, આ અન્નકૂટનાં ઉત્સવમાં તિથિનો નિર્ણય શ્રીવિઠ્ઠલનાથજીએ કરેલો છે. માટે તેમના નિર્ણયને અનુસરીને જ સર્વે વ્રતો અને ઉત્સવો કરવા.

**"દિવસની નિદ્રા છોડો, ક્રમશઃ નારી સંગ છોડો.**
**વ્રતો-ઉત્સવોના દી, તારીખિયામાં આંખો જોડો."**

# સત્સંગ સમાચાર - દેશ

## ભુજ મંદિરના આંગણે ઉજવાયો સંત સ્મૃતિ મહોત્સવ, ૪૧૧ સમૂહ શ્રીમદ્‌ભાગવત પારાયણ એવં નારાયણ યજ્ઞ

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા તા.૨૦ થી ૨૮/૪/૨૦૨૪ સુધી સંત સ્મૃતિ મહોત્સવ, ૪૧૧ સમૂહ શ્રીમદ્‌ભાગવત પારાયણ એવં નારાયણ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંત સ્મૃતિ મહોત્સવના યજમાનપદે અ.નિ. સદ્‌ગુરુ પુરાણી સ્વામી મુકુંદપ્રસાદદાસજીના સર્વે શિષ્ય મંડળ તથા મુખ્ય યજમાનપદે નિલેશભાઈ ધીરજભાઈ સરસાવાડીયા મોરબી-વાંકાનેર (લુણસરવાળા) હાલે ભુજ રહ્યા હતા.

તા.૨૦/૪/૨૦૨૪ ના પ્રસાદી મંદિરેથી ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.





ભુજ મંદિરના મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ વડીલ સંતોની ઉપસ્થિતિમાં

પોથીપૂજન કરવામાં આવ્યું હતું.

તા.૨૧/૪ ના સવારે ૭ વાગ્યે મુખ્ય યજમાનશ્રીઓ તથા પોથીના યજમાનશ્રીઓ દ્વારા ગણેશ-વિષ્ણુ ભગવાનનું સમૂહ પૂજન કરવામાં



આવ્યું હતું. ૮-૩૦ વાગ્યે મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ અનેક સંતોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી મંગલાચરણ સાથે કથાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.







કથાના વિદ્વાન વક્તાશ્રી શા.સ્વામી કૃષ્ણજીવનદાસજી, પુ.સ્વામી શ્યામકૃષ્ણદાસજી, પુ.સ્વામી દેવવિહારીદાસજી, સંગીતજ્ઞ સંતો સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજીએ ભક્તજનોને શ્રીમદ્‌ભાગવતનું સુમધુર શૈલીમાં કથા રસપાન કરાવી કૃષ્ણમય બનાવ્યા હતા.

કથા પ્રસંગ અંતર્ગત ચૈત્રી પૂનમ હોતાં શ્રીહનુમાન જન્મોત્સવ, શ્રીરામ જન્મોત્સવ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, શ્રીરૂક્મિણી વિવાહ આદિ ઉત્સવો ઉજવાયા હતા. અમદાવાદ







શ્રીનરનારાયણદેવ દેશ પીઠાધીપતિ પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી પધારી સૌને દર્શન અને સ્વરૂપ નિષ્ઠાની દ્રઢતાના આશીર્વાદ આપેલા હતા. કોડાય ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ઉત્સવોમાં વેશભૂષામાં સજ્જ થઈ દર્શકોને આનંદ પમાડ્યો હતો. પાંચમા દિવસે વિદ્યાર્થીઓ દ્વારા રાત્રી સાંસ્કૃતિ કાર્યક્રમ તથા છઠ્ઠા દિવસે મહારાસોત્સવનું ભવ્ય







આયોજન કરવામાં આવ્યું હતું. સંતો અને કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા યુવતીઓ જોડાઈ હતી.

આ ભવ્ય કથા પારાયણમાં ૧૧૧ અગિયાર સાંખ્યયોગી બહેનો તથા ૫૦ ભૂદેવો દ્વારા શ્રીમદ્‌ભાગવત મહાપુરાણનું પુરુશ્ચરણ કરવામાં આવ્યું હતું. તા.૨૮/૪ ના દિવસે પ્રાતઃકાળે ભૂદેવો





દ્વારા વેદ મંત્રોચ્ચાર વિધિ સાથે શ્રીનારાયણ યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦-૩૦ વાગ્યે પુ.મહંત સ્વામી, પુ.ઉપમહંત સ્વામી, પુ.જાદવજી ભગત, પુ. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ વડીલ સંતોના હસ્તે બીડું હોમવામાં આવ્યું. ઉપમહંત અને મહંત સ્વામીએ સર્વે ભક્જતનોને આશીર્વાદ પાઠવ્યા હતા. પછી દરેક યજ્ઞકુંડમાં બીડું હોમવામાં આવ્યું. ભુજ બહેનોના મંદિર અને કચ્છ સત્સંગનાં મહંત સાંખ્યયોગી સામબાઈફઈએ સર્વે બહેનો ભક્તોજનોને આશીર્વાદ પાઠવ્યા હતા.

## ભુજ મંદિરના આંગણે ઉજવાયો શ્રીનરનારાયણદેવનો ૨૦૧ મો વાર્ષિક પાટોત્સવ

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં વિરાજતા શ્રીનરનારાયણદેવના ૨૦૧ મા વાર્ષિક પાટોત્સવની ભવ્ય ઉજવણી અંતર્ગત શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું





આયોજન કરવામાં આવ્યું હતું. ચૈત્ર વદ અમાસ તા.૮ થી ૧૨/૫/૨૦૨૪ સુધી કથા દરમિયાન વિવિધ પ્રસંગોની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કથા અંતર્ગત તા. ૮ ના શ્રીરામ જન્મોત્સવ, તા. ૯ ના શ્રીકૃષ્ણ જન્મોત્સવ, તા.૧૦ ના ગોવર્ધન ઉત્સવ અને રાત્રે મહારાસોત્સવ, તા.૧૧ ના રૂક્ષ્મિણી વિવાહ અને આજના દિવસે પ.પૂ.આચાર્ય





મહારાજશ્રીનું આગમન તથા તા. ૧૨ ના શ્રીઠાકોરજીનો પંચામૃત અભિષેક, શોભાયાત્રા, અન્નકૂટ આરતી અને બાલમંચ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

૨૦૧ મા વાર્ષિક પાટોત્સવ મહોત્સવના મુખ્ય યજમાન ગામ ભરૂચના પ.ભ. ભુપેન્દ્રભાઈ



રાવજી પટેલ ધ.પ. ઉર્મિલાબેન, સુપુત્ર ઉર્જિત ધ.પ.મીરાબેન પટેલ, અમેરિકા સ્થિત સૌરીનકુમાર મહેન્દ્ર પટેલ, ધ.પ.કોમલબેન, ચિ.શ્લોક તથા ચિ.જાહ્નવી આદિ પરિવારજનો એ આ દુર્લભ સેવાનો લાભ લીધો હતો.

અમાસ, તા.૮ ના નવલ પ્રભાતે સ્થાપન-પૂજન બાદ શ્રીનરનારાયણ ભગવાનના શ્રીચરણ સાનિધ્યમાં, સગા સબંધીઓ સહિત સમગ્ર યજમાન સાથે પૂજ્ય મહંત સ્વામીના વરદ હસ્તે પોથી પૂજન થયું. વક્તા તથા અનેક સંતો સાથે પોથીયાત્રા બાદ પોથીરૂપ શાસ્ત્ર પૂજન એવં વ્યાસરૂપ વક્તાનું પૂજન







કરી, સંગીતના સથવારે શ્રીમદ્ભાગવત કથાનો પ્રારંભ થયો હતો.

કથાના વક્તા શા.સ્વામી ગોલોકવિહારીદાસજી, પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજી, પુ.સ્વામી વેદાંતસ્વરૂપદાસજી હતા. સંગીત વિશારદ સંતો સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી વાસુદેવપ્રિયદાસજીએ વક્તાને સંગીતમાં સાથ આપ્યો હતો. સભા સંચાલનમાં શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, પુ.સ્વામી હરિકૃષ્ણદાસજી રહ્યા હતા.

વડતાલ વગેરે અનેક ધામોમાંથી સંતો પધારી દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા. યજમાનના આમંત્રણથી ભરૂચ વડોદરા વગેરે સ્થાનોમાંથી





મોટી સંખ્યામાં ભક્તો આ મહોત્સવનો લાભ લેવા ભુજ આવ્યા હતા.

સત્સંગ રસીયા યજમાનશ્રીએ સમગ્ર કચ્છ સત્સંગને પાચેય દિવસ કથા શ્રવણ તેમજ મહાપ્રસાદનો લાભ લેવા આમંત્રણ પાઠવ્યું હતું. તેથી વધુ સંખ્યામાં કથા રસીકોએ કથા શ્રવણનો લાભ લીધો હતો. તા.૧૨ વૈશાખ સુદ ૫ ના દિને પાટોત્સવનો મંગલ દિવસ હોતાં શ્રીઠાકોરજીનો પંચામૃત અભિષેક પ.પૂ.મહારાજશ્રી તેમજ પૂજારી સંતો દ્વાર એક કલાક સુધી પંચામૃત વડે ઠાકોરજીનો અભિષેક થયો હતો. આજના દિવસના મંગલ દર્શન માટે દેશ, પ્રદેશ, વિદેશથી મોટી સંખ્યામાં ભક્તો





આવ્યા હતા. તો કચ્છ સત્સંગનાં અનેક ગામોમાંથી ત્રણ હજારને આશરે હરિભક્તો બહેનો ભાઈઓ બાળકો, અભિષેક દર્શન માટે ચાલતા ભુજ આવ્યા હતા. અભિષેક દર્શન અને પંચામૃત પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

**નગરયાત્રા** - આજે ચોવીસે ગામના મંડળી વારા ભક્તો પોતાનાં વાજીંત્રો સાથે આવ્યા હતા. સવારે ૮-૩૦ વાગે પ્રસાદી મંદિરેથી વિવિધ વાહનો પર ઠાકોરજી, સંતો તથા યજમાન પરિવારના સભ્યો વિરાજીત થયા. સંતો અને વાજીંત્ર સહિત મડળી સાથે શોભાયાત્રાનો પ્રારંભ થયો. ૯-૩૦ વાગે મોટાં



મંદિરે ઠાકોરજીની અન્નકૂટ આરતીના દર્શનનો લાભ લીધો ત્યાંથી સૌ ભક્તો સભામાં પધાર્યા. કથા શ્રવણ



તથા પૂ.મહંત સ્વામી, પૂ.ઉપમહંત સ્વામી, પૂ.જાદવજી ભગત, તથા પૂ.આચાર્ય મહારાજશ્રીએ સૌને આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર ઉત્સવના મુખ્ય યજમાનશ્રી પ.ભ. ભુપેન્દ્રભાઈ રાવજી પટેલ પરિવારના સભ્યોને આશીર્વાદ સાથે પહેરામણી કરી નવાજ્યા હતા. આરતી સાથે આ ઉત્સવ પૂર્ણ થયો હતો.

**સફળતાનું સન્માન** :- ભુજ મંદિર હેઠળ ૧૩ જેટલાં ગુરૂકુલો વિવિધ શિક્ષણ સંસ્થાનો ચાલે છે. કુલ ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શ્રીનરનારાયણ ભગવાનની અપાર કૃપા, પૂજ્ય મહંત સ્વામી આદિ સર્વે સંતોના રૂડા આશીર્વાદ, જેતે સંસ્થાનના સુજ્ઞ સંચાલક સંતો ભક્તોનો ખટકો, શિક્ષકોનું ભાવપૂર્ણ શિક્ષણ અને માર્ગ દર્શન શિક્ષણ



વગેર અનેક બાબતોના સુમેળથી, ભુજ મંદિર હેઠળનાં દરેક શિક્ષણ સંસ્થાનનોનું ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાનું પરિણામ સરેરાસ ૧૦૦ %





આવ્યું છે. બહુ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થવામાં સફળ થયા છે. આ ઉત્સવ દરમિયાન દરેક શિક્ષણ સંસ્થાનોમાં A1 GRADE માં ઉત્તીર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓને, તા.૧૨, ભુજ શ્રીનરનારાયણ ભગવાનના પાટોત્સવના દિવસે વિશાળ સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય મહંત સ્વામીના વરદ હસ્તે, યાદગાર અને ઉપયોગી ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે મંદિર હસ્તક દરેક શિક્ષણ સંસ્થાનના સંચાલકોને પણ શાબાશી સાથે નવાજવામાં આવ્યા હતા. પૂજ્ય મહંત સ્વામીએ શિક્ષણ પરિવારના દરેક સભ્યોને આશીર્વાદ આપી રાજીપો વરસાવ્યો હતો. સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

## માંડવી મંદિરના શ્રીઘનશ્યામ મહારાજનો ૨૪ મો વાર્ષિક પાટોત્સવ ઉજવવામાં આવ્યો

માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, શા.સ્વામી વિશ્વવલ્લભદાસજી, પુ.સ્વામી શાંતિપ્રિયદાસજી આદિ સંતોની આજ્ઞા તથા આશીર્વાદથી તા.૨૪/૪/૨૪ શુક્રવાર ચૈત્ર વદ-૨ ના પવિત્ર દિવસે માંડવી મંદિરમાં બિરાજતા શ્રીઘનશ્યામ મહારાજને ૨૪ વર્ષ પૂર્ણ થતાં શાસ્ત્રોક્ત વિધિદ્વારા પંચામૃતથી મહાભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેકના દર્શન કરવા માટે



માંડવીના ચારે કાંધાના ભક્તો તથા કચ્છ ચોવિસીમાંથી મોટી સંખ્યામાં પધારેલા હરિભક્તોએ પંચામૃતથી સ્નાન કરતા શ્રીઠાકોરજીને નિહાળી ધન્યતા અનુભવી હતી. અભિષેક બાદ પ્રાસંગિક સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં પધારેલ હરિભક્તોને વાર્ષિક પાટોત્સવનો મહિમા કહ્યો હતો. દરરોજ શ્રીઘનશ્યામ મહારાજનાં દર્શન કરીને સંસારકાર્યમાં જોડાવાનું નિયમ આપ્યું હતું. ત્યારપછી ૯-૦૦ વાગ્યે સંતો તથા યજમાન પરિવાર દ્વારા શ્રીઘનશ્યામ મહારાજને છપ્પનભોગરૂપ



ધરાવવામાં આવેલ અન્નકૂટની મહાઆરતી ઉતારવામાં આવી હતી. પધારેલા દરેક ભક્તોને પંચામૃતનો મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો. અભિષેક તથા અન્નકૂટના યજમાનપદે ગામ માંડવીના સાંખ્યયોગી પુષ્પાબાઈ કરસન આશાણી રહ્યા હતા.

અહેવાલ - શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજની પ્રેરણાથી મહારાષ્ટ્રના કોંકણ પ્રાંતમાં થયું સનાતન મંદિરનું નિર્માણ

હિન્દુ સંગઠનો દ્વારા આગામી એક વર્ષમાં ૫૦ સનાતન મંદિરનું નિર્માણ થશે.

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત પૂર્વ મુંબઈના વિલેપાર્લા સ્થિત શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવનના સહયોગથી મહારાષ્ટ્રના કોંકણ પ્રાંતના પેણ જીલ્લાના વરાવણે ગામમાં ભૂદેવો અને સંતો દ્વારા વેદ મંત્રો અને શાસ્ત્રોક્તવિધિ સાથે સનાતન મંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. જેમાં પ્રભુ શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજી સાથે હનુમાનજીની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા તા.૨૧/૪/૨૦૨૪ રવિવાર ચૈત્ર સુદ-૧૩ સંવત ૨૦૮૦ના રોજ કરવામાં આવી હતી.

ભુજ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને મંડળધારી સંત સદ્ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી પાર્લા વિશ્રાંતિ ભુવનના સંચાલક સંતો દ્વારા મુંબઈ જેવા અતિ વ્યસ્ત મહાનગરમાં સત્સંગ અને સંસ્કારના જતન સાથે વ્યસનમુક્તિ સહિતના



વિવિધ સેવાકાર્યો ચાલી રહ્યા છે. ત્યારે આ પ્રસંગને લઈને કોંકણ પ્રાંતના અતિ ઓછી સુવિધાઓ ધરાવતા આ પર્વતીય વિસ્તારમાં દેશની સ્વતંત્રતા પછી પહેલીવાર હિન્દુ સંતોનું આગમન થતાં આબાલ વૃદ્ધ સહિત સૌ ગામ લોકોનો ઉત્સાહ હિલોળે ચડ્યો હતો. અને આજુબાજુના દસેક ગામના લોકો પણ મોટી સંખ્યામાં સ્થાનિક ભાતીગળ પહેરવેશ સાથે ઉત્સવ માણવા પહોંચી આવ્યા હતા. અને ઠાકોરજીને તેડીને ઢોલ નગારા સાથે ગામની ગલીએ ગલીએ નૃત્ય સાથે શોભાયાત્રા કાઢીને આનંદ મનાવ્યો હતો.

મંદિર ઉદ્ઘાટન અને મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત ભાવિકોને હિન્દુ ધર્મની વાસ્તવિકતા અને આપનું કર્તવ્ય વિશે સ્વામી તીર્થમુનિદાસજી, સ્વામી રામપ્રિયદાસજીએ ઉદ્બોધન કર્યું હતું. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ ભુજ મંદિર દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિ સાથે મંદિરનો મહિમા અને ગ્રામવાસીઓને આ મંદિરનો સદ્ઉપયોગ કરી વ્યસનમુક્ત બનવા ભલામણ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. ભરતભાઈ કારાણી,



ભરતભાઇ સંઘવી, જય ગાલા વિગેરે કાર્યકરો ઉપસ્થિત રહી કાર્યને શોભાવ્યું હતું.

પાર્લા મંદિર દ્વારા સૌને મિષ્ટાન અને પકવાન સાથેનો ભોજન પ્રસાદ, તરબૂચ આદિ ફળ અને વસ્ત્રોનું વિતરણ કરવામાં આવેલ.

મિશનરીઓ દ્વારા ધર્માંતરણગ્રસ્ત આ વિસ્તારમાં હિન્દુ સંગઠનોના માધ્યમે ચાલતા પુનઃઘરવાપસીના પ્રયત્નોમાં મંદિર તથા અન્ય દાતાઓના સહયોગથી આ વરસમાં આવા અન્ય ૫૦ મંદિરોનું નિર્માણનો સંકલ્પ કરાયો છે.

ઉપરોક્ત આયોજનમાં સ્થાનિક સંતોમાં સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી રામાનુજદાસજી, સ્વામી તીર્થમુનિદાસજી આદિ સંતો તથા પાર્લા મંદિરના પ્રમુખ રતીલાલ વાવીયા સાથે ભાસ્કરભાઇ દવે, નરસિંહભાઇ ઢાઢી આદિ ટ્રસ્ટીઓ અને પાર્લા વિસ્તારના ૧૦૦ થી વધુ હરિભક્તોની ઉપસ્થિતિ હતી.

## શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલેપાર્લા ઇસ્ટ મુંબઇ માતૃપિતૃ પૂજન

ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલેપાર્લા ઈસ્ટ મુંબઈ મધ્યે તા.૨૪/૩/૨૦૨૪ રવિવારના રોજ શ્રીઘનશ્યામ બાલ-બાલિકા મંડળના બાળકો માટે માતાપિતૃ પૂજન કાર્યક્રમ રાખેલ હતો. બપોરપછી ૬ વાગ્યે બાલ મંડળના બાલકો પોતાના માતા-પિતાને ખુરશી ઉપર બેસાડી પૂજન કરી આશીર્વાદ લીધા હતા. બાળકો ભગવાનના થયા, સંતોની આજ્ઞામાં રહ્યા તો અમારા પણ રહેવાના જ છે એવી અનુભુતિ માતાપિતાને થઈ હતી. બાળકો પૂજન બાદ ભાવિવિભોર બન્યા હતા અને માતાપિતાના ઉપકારોને યાદ કરી આંસુ દ્વારા માતિપતાના ચરણ





પખાળ્યા હતા. પૂજન બાદ પૂજ્ય સંતોએ દરેક વાલીઓ તથા બાળકોને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પાર્લા મંદિર દ્વારા ચાલતી પ્રવૃત્તિઓની ઝલકો દેખાડવામાં આવી હતી.

## કેરા ગામેમાં શ્રીમદ્સત્સંગિજીવન સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ઉજવાયો.

તા.૧૭/૪/૨૦૨૪ ના રોજ સાંજે ૫ વાગ્યે શ્રીસ્વામિનારાયણ મંદિરેથી વાજીંત્રોના ધ્વની સાથે પોથીયાત્રા સભાસ્થાન શ્રીઘનશ્યામ વાડીએ વિરામ બાદ દીપ પ્રાગટ્ય સંતો તથા યજમાનશ્રીઓના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું.

તા.૧૮ થી સવારમાં કથાનો મંગલ પ્રારંભ સંગીતની સૂરાવલીઓ અને આરતીના દિવડાઓ સાથે કરવામાં આવ્યો હતો.

યજમાનપદે ભુડીયા મુળચંદભાઈ પરિવાર એવં વરસાણી મનજીભાઈ પરિવાર રહ્યા હતા. કથા





અંતર્ગત શ્રીનરનારાયણદેવ પૂજન મહોત્સવ ઉમંગભેર ઉજવવામાં આવ્યો હતો.

કથાના બીજા દિવસે સાંજના ભગવાન શ્રીઘનશ્યામ પ્રાગટ્ય ઉત્સવ માનકુવા શ્રીસહજાનંદ ગુરુકુળના વિદ્યાર્થીઓ વેશભૂષામાં દાંડીયાના તાલ સાથે દબદભાભેર ઉજવાયો હતો.

ત્રીજા દિવસે સાંજે શ્રીનીલકંઠવર્ણી પૂજન ઉત્સવ ફૂલડે વધાવીને શોભા વધારી હતી.

કથાના ચોથા દિવસે ભગવાન શ્રીસહજાનંદ સ્વામી રાજાધિરાજ ઉત્સવ વાજતે ગાજતે અસવારી સાથે ઉજવવામાં આવ્યો હતો.

કથાના પાંચમા દિવસે ભગવાન શ્રીહરિને ભુજનગરમાં ભક્તો હિંડોળે ઝુલાવવારૂપ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. ઉપરોક્ત તમામ ઉત્સવ પ્રસંગના યજમાન ભુડીયા પરિવાર તથા વરસાણી પરિવારના યુવાનો ડ્રેસમાં સજ્જ થઇ સંતોની સાથે વાજીંત્રોની સૂરાવલી સાથે ઉત્સવો માણ્યા હતાં. ચૈત્રી પૂનમના મંદિરના દેવોનો વાર્ષિક પાટોત્સવ હોવાથી ભાઈઓ-બહેનોના મંદિરમાં પાટોત્સવ સાથે અન્નકૂટ આરતી મંત્રોચ્ચારની સાથે ઉત્સવ મનાવ્યો હતો. કથા મંડપમાં દહીં-દૂધ-ઘી-સાકર-મધ વિગરે દ્રવ્યોથી શ્રીઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો હતો. બપોરપછી હનુમાનજીનું પૂજન, ચાલિસા પઠન, સમૂહ મહાઆરતી કરવામાં આવી હતી. કથા દરમિયાન વ્યાખ્યાનમાળાઓમાં અલગ અલગ વિદ્વાન સંતોએ લાભ આપ્યો હતો.



યજમાન પરિવાર તરફથી આઠ મંડળના હરિકૃષ્ણ મહારાજના સોનાનાં ઘરેણાંનું દાન આપવામાં આવ્યું હતું. તેમજ યજમાનશ્રીઓએ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. ઉપરોક્ત ઉત્સવની તૈયારી કરાવનાર સંતો પુ.સ્વામી રાધારમણદાસજી, સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, સ્વામી નારાયણપ્રિયદાસજી, સ્વામી વર્ણીવિહારીદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી, સ્વામી હરિજીવનદાસજીએ ખૂબજ જહેમત ઉઠાવી હતી.



કથાના વકતા પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજી, પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી તથા શા.સ્વામી સુખનંદનદાસજીએ સુંદર રસમધુર શૈલીમાં કથામૃતનું પાન કરાવ્યું હતું.

સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી તથા સ્વામી વાસુદેવપ્રિયદાસજીએ સંગીતની સૂરાવલીઓ રેલાવી જમાવટ કરી હતી.

રાત્રી કાર્યક્રમો- ભજન સંધ્યા, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળની સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રે યુવતી મંડળની દીકરીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ

વેશભૂષામાં સજ્જ થઈ કાર્યક્રમને શોભાવ્યો હતો. બીજા દિવસે ભવ્ય મહા રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું યુવાનો ઉત્સાહથી રાસ રમી શ્રીઠાકોરજીનો રાજીપો મેળવ્યો હતો.

દરરોજ સંતોના આશીર્વચનો, ભુજથી મહંત સ્વામી, ઉપમહંત સ્વામી પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી યજમાનોને આશીર્વાદ પાઠવ્યા હતા.

ઉત્સવના વ્યવસ્થાપકો મડંળધારી સદ્‌ગુરુ સ્વામી ગોલોકવિહારીદાસજી તથા પુ.સ્વામી દેવસ્વરૂપદાસજીએ સુકાન સંભાળ્યું હતું. સભાસંચાલનપદે પુ.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા પુ.સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ સફળ સંચાલન કર્યું હતું. ઉત્સવમાં દરેક ભક્તોને ભોજન પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. છેલ્લે સાતમા દિવસે સદ્‌ગુરુ પુ.સ્વામી શ્રીહરિદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. જયજયકાર સાથે ઉત્સવનું સમાપન કરવામાં આવ્યું હતું.

અહેવાલ - શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી







## રોહા સુખપર શતાબ્દી મહોત્સવ

રોહા સુખપર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિરાજતા શ્રી સ્વામિનારાયણ ભગવાનને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં શતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો. તારીખ ૨૦ થી ૨૪ એપ્રિલ ૨૦૨૪ દરમિયાન મહોત્સવમાં અમદાવાદ દેશ પીઠાધિપતિ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી પધાર્યા હતા અને ભુજ



મંદિરના મહંત સ્વામી, ઉપમહંત સ્વામી કોઠારી પાર્ષદ જાદવજી ભગત તેમજ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ મોટી સંખ્યામાં સંતો અને કચ્છના સાં. યો. બહેનો પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

## શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ-ભચાઉ મંદિરને આંગણે સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ

શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ-ભચાઉ મંદિરને આંગણે સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ યોજાઈભગવાન શ્રીસ્વામિનારાયણે ભચાઉના પ્રેમીલા ભક્ત વાઘાશા અને બહેન રતનબાના હસ્તે દહીં અને રોટલો જમી પેઢીમા સત્સંગ વૃદ્ધીના આશીર્વાદ આપ્યા. આવા પ્રતાપશાળી પૂર્વજોની પેઢીના પ. ભ. દામજીભાઈ કરશન ખુથીયા, સુપુત્રો ઘનશ્યામભાઈ, નિતિનભાઈ, પ્રકાશભાઈ અને મુકેશભાઈ આદિ સહપરિવારે યજમાન પદે રહી શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ ભચાઉમાં અ.નિ. ગીતાબેન ઘનશ્યામ ખુથીયાના મોક્ષાર્થે તા. ૪ થી ૮ મે ૨૦૨૪ સુધી શ્રીમદ્ સત્સંગિજીવનની પંચાહ્ન પારાયણનું





ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભુજધામથી સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળના સંતો, ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, અંજાર મંદિર મહંત સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજી આદિ ભુજધામના આઠેય મંડળધારી સંતો, વડિલ સંતો, વિદ્વાન ૧૨૫ જેટલા બ્રહ્મનિષ્ઠ સંતો પાવન પ્રસંગે પધારી દર્શન અને આશીર્વાદનો અમૂલ્ય લાભ આપ્યો હતો. જે પ્રસંગો જીવનમાં ક્યારેય નહી ભુલી શકાય. કથાના વક્તાપદે શા. સ્વામી સુખનંદનદાસજી, પુરાણી સ્વામી રામકૃષ્ણદાસજી અને પુ.સ્વામી દેવપ્રસાદદાસજી પોતાની સુમધુર શૈલીમાં ભક્તોને ભગવાન શ્રીસ્વામિનારાયણનો મહીમા, ખુમારી, ભક્તિની શક્તિ, જીવનના મુલ્યો, પરિવારની મહતા આદિ મુદાઓને મહત્વ આપીને ભક્તોને કથાનું રસપાન કરાવ્યું હતું. સંગીતમાં સહયોગ સ્વામી હરિજીવનદાસજી આપ્યો હતો. આ કથા અંતર્ગત શ્રીનરનારાયણદેવ પૂજન ઉત્સવ, શ્રીઘનશ્યામ જન્મોત્સવ, અન્નકૂટ ઉત્સવ, ભચાઉમાં શ્રીહરિનું ભવ્ય આગમન ઉત્સવ આદિ ભવ્ય યાદગાર ઉત્સવો યજમાન પરિવાર અને સંતોના સથવારે અંતકાળની મુડીરુપ ઉજવાયા હતા જે અમારા ખુથીયા પરિવારે જીવનમાં પહેલીવાર આવો દિવ્ય ઉત્સવ માણ્યો હતો. આ ઉત્સવોને શોભાવવા સ્વામી આનંદપ્રિયદાસજી યોગદાન આપેલું હતું. રાત્રિના સત્ર તા. ૬-૫-૨૦૨૪ના સંગીતકાર સ્વામી નિર્ભયચરણદાસજી અને પુરાણી સ્વામી વેદાંતસ્વરુપદાસજીના મુખેથી કીર્તન ભક્તિની મોજ સાથે સત્સંગ-પરિવાર સંબંધી રમુજી વાતો કરી ભક્તોનો રાજીપો મેળવ્યો હતો. તા. ૭-૫-૨૦૨૪ રાત્રિના સત્રમાં સંગીતકાર સ્વામી હરિજીવનદાસજી, સ્વામી ઘનશ્યામનંદનદાસજી અને સ્વામી કૃષ્ણદાસજીના સથવારે કિર્તનધામ મ્યુઝિકલ હાઉસી ગેમની મોજ ભક્તોએ અનેરા ઉત્સાહથી માણી હતી.તા. ૮-૫-૨૦૨૪ના બપોરે કથાના સત્રની પૂર્ણાહુતિ કરી અને બપોર પછીના સત્રમાં પ.ભ. દામજીભાઈ કરશન ખુથીયાના લગ્નના ૫૦ વર્ષની ઉજવણીમાં શા. સ્વામી કૃષ્ણસ્વરુપદાસજી અને શા. સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ ભગવાન સમકાલીન થયેલ શિવલાલ શેઠ, ગોવર્ધન શેઠ, દિવબંદરના પ્રેમબાઈ, હિમરાજશાહ, ભાઈચંદ શેઠ, ગઢાળીના આંબાશેઠ આદિ એકાંતિક વણિક ભક્તોની ગૌરવગાથા સાથે અત્યારના વણિક પરિવારનું સત્સંગમાં સમર્પણ, નિષ્ઠા અને વડિલોએ આપેલ અમૂલ્ય સત્સંગનો વારસો ભુલાય નહી અને સત્સંગમાં અડીખમ રહેવાની ભલામણ કરી હતી. આ પ્રસંગે સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી અને સ.ગુ. સ્વામી નીલકંઠચરણદાસજીએ વણિક પરિવારે સત્સંગમાં આપેલ યોગદાન અને ભગવાન- સંતો



પ્રત્યે પ્રેમભાવ સાથે સ્વ જીવનના પ્રસંગોને ભાવનાત્મક વ્યકત કરી ભક્તોને અંતરના રૂડા આશીર્વાદ આપ્યા હતા. પારાયણનું સભા સંચાલન શા. સ્વામી કૃષ્ણસ્વરુપદાસજી અને સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ સંભાળ્યું હતું. સંતોના રસોડાની જવાબદારી સ્વામી માધવપ્રિયદાસજી આદિ સંતોએ સંભાળી હતી.

અહેવાલ - નરેન્દ્ર નિતિન ખુથીયા- થાણા મુંબઈ.

## શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર માંડવી મધ્યે વાર્ષિક વાલી સંમેલન યોજાયું

બંદરીય શહેર માંડવી મધ્યે તા.૨૮-૩-૨૦૨૪ ગુરુવારના રોજ માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી જયકૃષ્ણદાસજી, સ્વામી જયહરિદાસજી, સ્વામી નીલકંઠમુનિદાસજી, સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી દ્વારા વાર્ષિક સંમેલનમાં પધારી આશીર્વાદ પાઠવ્યા હતા.

દર વર્ષની જેમ આ વર્ષે સહુ બાળકો, વાલી સંમેલન યોજવામાં આવ્યું હતું. યજમાનશ્રી મેઘજીભાઈ આશાણી, હરજીભાઈ આશાણી, નાનજીભાઈ રાબડીયા, હરજીભાઈ વેકરીયા અન્ય યજમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિબળદાસજી દ્વારા ચાર વર્ષ પહેલાં આ પ્રસાદી મંદિરે શ્રીઘનશ્યામ બાલમંડળની સ્થાપના કરવામાં આવી હતી. શહેરના બાળકોમાં સત્સંગ વધે અને એના પરિવારમાં સત્સંગ વધે એવા શુભ હેતુથી સ્થાપના કરાયેલ બાલમંડળમાં ૧૦૦ જેટલાં બાળકોમાં સત્સંગના સંસ્કારોનું સિંચન થઈ રહ્યું છે. સાથે સાથે તેમના પરિવારના લોકો પણ દર્શન-સત્સંગનો લાભ લઈ રહ્યા છે.



માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના મંડળના સંતો દ્વારા આ વર્ષ દરમિયાન માર્ગદર્શન અને સત્સંગનો લાભ મળતો રહ્યો. સ્વામી જયકૃષ્ણદાસજીએ બાળકો, વાલીઓ અને યજમાનશ્રીઓની સેવાને બિરદાવી આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે મંદિરના પૂજારી કરસનબાપા, રામ મંદિરના પૂજારી પરેશભાઈ સેવક અને શાસ્ત્રી હરેન્દ્રભાઈનું સંતોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રીઘનશ્યામ બાલમંડળના સંચાલક ડો.નિર્મલકુમાર આસોડીયા અને સહસંચાલક શીવજીભાઈ વેકરીયાને સંતો આશીર્વાદની પુષ્પમાળા પહેરાવી રાજીપો વ્યક્ત કર્યો હતો.
એ જહેમત ઉઠાવી હતી.

## રામનવમી ઉત્સવ ઉજવાયો.

તા.૧૭-૪-૨૪ દરિયાઈ શહેર માંડવી નગરે દર વર્ષેની જેમ આ વર્ષે પણ પ્રસાદી મંદિર માંડવી દ્વારા ભવ્ય રામનવમી ઉત્સવ ઉજવવામાં આવ્યો.

પ્રસાદી મંદિર માંડવીનાં કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળના સહુ બહેનો દ્વારા આ વર્ષે રામનવમીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું. સમગ્ર મંદિરને શણગારવામાં આવેલું હતું.

સાં.યો. બહેનો દ્વારા આ દિવસો સત્સંગસભાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું જેમાં માંડવી મંદિરના મહંત સાં.યો. રતનબાઈફઈ, મોટા મેઘબાઈ ફઈ, નાના મેઘબાઈ ફઈ, રામબાઈ ફઈ, શિલ્પાબાઈ ફઈ આદિ અન્ય સાં.યો. બહેનો

ઉપસ્થિત રહી બહેનોને આશીર્વાદ પાઠવ્યા હતા.

સાં.યો. સરલાબાઈ ફઈ દ્વારા ભગવાન શ્રીરામ પ્રાગટ્ય, જીવનકવન, રામવિવાહ, વનવાસ જીવન, સુગ્રિવ મિલન, રાવણ મોક્ષ વિગેરે



કથામૃતનું રસપાન કરાવી શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા હતા.

આજના દિવસે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાપ્રસાદના યજમાન પ.ભ.શીવજીભાઈ હરજીભાઈ વેકરીયા રહ્યા હતા. માંડવી પ્રસાદી મંદિરમાં કાયમી સેવા આપતા યુવતી મંડળના સેવાભાવી બહેનોને શ્રીરામબાઈ મથુરાદાસ કપટા પરિવાર દ્વારા સાડી ભેટ આપવામાં આવી હતી.

આ ઉત્સવમાં હરજીભાઈ વેકરીયા, નાનજીભાઈ રાબડીયા, લાલજીભાઈ હાલાઈ, નટવરભાઈ સાધુ સહિત અનેક ભક્તો હાજર રહ્યા હતા.

સભા સંચાલન સાં.યો. અમૃતબાઈ છભાડીયાએ સંભાળ્યું હતું અને સંપૂર્ણ કાર્યભાર સાં.યો. શિલ્પાબાઈ કારાએ સંભાળ્યું હતું.

અહેવાલ - નિર્મલકુમાર આસોડીયા - માંડવી

## શ્રેષ્ઠ શાળા તરીકે પ્રથમ ક્રમાંકે પસંદગી પામેલ શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય ભુજ

બિન સરકારી અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ પૈકી સને ૨૦૨૩-૨૪ માં કચ્છ જીલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય (બોર્ડીંગ) સંસ્કાર નગર ભુજને જીલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પ્રથમ ક્રમાકે પસંદગી પામેલ છે. આ શ્રેષ્ઠ શાળાની પસંદગી બદલ શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, પાર્ષદ કોઠારી જાદવજી ભગત આદિ વરિષ્ઠ સંતો તેમજ શ્રીસ્વામિનારાયણ વિદ્યાસંકૂલના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, સહ સંચાલક સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજીએ અભિનંદન અને આશીર્વાદ પાઠવ્યા હતા. તથા શાળાના પૂર્વ આચાર્ય અને અંજાર વિધાનસભાના ધારાસભ્ય શ્રીત્રિકમભાઈ બી. છાંગા સાહેબે સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.



શ્રીસ્વામિનારાયણ કેળવણી મંડળ ભુજના ટ્રસ્ટીઓ પ્રમુખશ્રી લક્ષ્મણભાઈ હિરાણી, ઉપપ્રમુખશ્રી વિનોદભાઈ શીયાણી, મંત્રીશ્રી જગદીશભાઈ વાઘાણી અને સહમંત્રીશ્રી મનનભાઈ ઠક્કર સહિત તમામ ટ્રસ્ટીઓએ આચાર્યશ્રી સુરેશભાઈ પટેલ તેમજ સમગ્ર સ્ટાફ મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

છેલ્લા છ દાયકાઓથી કચ્છમાં પ્રતિષ્ઠિત આ વિદ્યાલયે અનેક સિદ્ધિઓના સોપાનો સર કર્યા છે. આ સિદ્ધિઓમાં વધારે એક યશકલગીનો ઉમેરો થયો છે.

શિક્ષણ વિભાગના કચ્છ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી સંજયભાઈ પરમાર, કચ્છ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ભુપેન્દ્રસિંહ

વાઘેલા, શિક્ષણ નિરીક્ષકશ્રી નાસીરભાઇ મન્સૂરી તથા પૃથ્વીરાજસિંહ ઝાલા તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી દિપીકાબેન પંડયા વર્ગ-૨ અધિકારીશ્રી અર્ચનાબેન વાસાણી તથા સમગ્ર કચ્છ જીલ્લા શિક્ષણાધિકારી કચેરીએ આચાર્યશ્રી તથા સમગ્ર સટાફને અભિનંદન પાઠવ્યા હતા.

અહેવાલ - ભરતભાઈ સાપાનેરા

## ભચાઉ શ્રીહરિ પ્રસાદી સ્થાન ભટીયે કુવે શ્રીનરનારાયણદેવ જયંતી ઉત્સવ ઉજવાયો

ભચાઉ નેશનલ હાઈવે ઉપર આવેલ શ્રીસ્વામિનારાયણ ભગવાનાં પ્રસાદી સ્થાને તા.૨૫-૩-૨૦૨૪ સોમવારના રોજ ભુજ મંદિરથી સદ્‌ગુરુ સ્વામી નીલકંઠચરણદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી સુખનંદનદાસજી, સ્વામી હરિજીવનદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં શ્રીનરનારાયણદેવ જયંતી (ફૂલડોલોત્સવ) ઉજવાયો.

સવારે ૯-૩૦ કલાકે સ્વામી સુખનંદનદાસજીએ વચનામૃતની કથાના માધ્યમથી સર્વે હરિભક્તોને સ્વામિનારાયણ સંપ્રદાયમાં રહી સંયમ-નિયમ પાળીને સત્સંગ જાળવી રાખવા ઉપદેશ આપ્યો હતો. ત્યારબાદ સ્વામી હરિજીવનદાસજીએ દરેક સત્સંગીઓને સંબોધીને બાળકોમાં સુસંસ્કારોનું સિંચન કરી કુમાર્ગે ન જાય તેની કાળજી રાખવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ સદ્‌ગુરુ સ્વામી નીલકંઠચરણદાસજીએ આશીર્વાદ આપતા જણાવેલ કે આ કૂવો અને વાવે શ્રીસ્વામિનારાયણ ભગવાન ૨૦૦ વર્ષ પહેલાં પધારી વિશ્રાંતિ લીધી હતી અને સ્નાન-પૂજન-અર્ચન કરી થાળ જમ્યા હતા. તેથી આ પ્રસાદીના સ્થાને આજે આપણે ઉત્સવ કરી રહ્યા છીએ.

ત્યારબાદ શ્રીનરનારાયણદેવ જયંતી નિમિતે સંતોએ શ્રીનરનારાયણદેવની આરતી ઉતારી સાથે હરિભક્તોએ પણ મહાઆરતીનો લાભ લીધો હતો. ત્યારબાદ રંગોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ બહોળી સંખ્યામાં હરિભક્તો ભાઈઓ-બહેનોએ રાસોત્સવમાં ઉમંગભેર ઉત્સાહથી ભાગ લીધો હતો.મહાપ્રસાદના યજમાન રવજીભાઈ રૂડાભાઈ પટેલ રહ્યા હતા

કાર્યક્રમને સફળ બનાવવા બાબુભાઈ ખુથીયા, પૂજારી ઈશ્વરભાઈ, મોહનભાઈ ભગત, હીરજીભાઈ વરસાણી વિગેરે જહેમત ઉઠાવી હતી. સંચાલન અને આભારવિધિ ફતેહસિંહ જાડેજાએ સંભાળ્યું હતું.

અહેવાલ - ફતેહસિંહ ગજુભા જાડેજા

## ગોધરા ગામમાં ઊજવાયો શ્રીપુરુષોત્તમપ્રકાશ પંચાહ્ન પારાયણ મહોત્સવ

શ્રીસ્વામિનારાયણ મંદિર ગોધરા (માંડવી) મધ્યે ૬૧ માં વાર્ષિક પાટોત્સવની ભવ્ય ઊજવણી કરવામાં આવી હતી. પાટોત્સવ પ્રસંગે માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી આદિ સંતમંડળના માર્ગદર્શન હેઠળ તા. ૫/૫/૨૪ થી તા. ૯/૫/૨૪ સુધી શ્રીકચ્છી લેવાપટેલ સમાજવાડીમાં શ્રીમદ્ પુરુષોત્તમપ્રકાશ પંચાહ્ન પારાયણ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કથાના યજમાનપદે ગોધરા ગામના સમસ્ત હરિભક્તો રહ્યા હતા.

તા.૩/૫/૨૪ શુક્રવારના પવિત્ર દિવસે માંડવી બહેનોના મંદિરના મહંત સાં.યો. રતનબાઈ, ઉપમહંત સાં.યો. કાનબાઈ તથા ગોધરા ગામના સાં.યો.જશુબાઈ આદિ માંડવી મંદિરના સમસ્ત સાં.યો.બહેનોના સાનિધ્યમાં સવારે ૮ થી ૧૨ વાગ્યા સુધી ભવ્ય મહિલામંચનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોધરા સહિત માંડવીના ચારે

કાંધામાંથી ૧૫૦૦ દીકરીઓ પધારી સત્સંગનો લાભ લીધો હતો.

તા.૪/૫/૨૪ શનિવાર વરૂથિની એકાદશીના પવિત્ર દિવસે શ્રીપુરુષોત્તમપ્રકાશ ગ્રંથરાજનું સંતો તથા ગામનાં સમસ્ત યજમાનો દ્વારા પૂજન કરી મંદિરેથી ભવ્ય પોથીયાત્રાનું આયોજન



કરવામાં આવ્યું હતું. મંડળીવાળા હરિભક્તોએ કીર્તનોની સાથે જાજ-પંખાજ વગાડીને ગોધરા ગામના માર્ગોને ભક્તિમય બનાવતા સભા સ્થળે પધાર્યા હતા.

તા.૫/૫/૨૪ રવિવારના શુભ દિવસે સવારે વિધિવત્ ભૂદેવો દ્વારા ગણેશ સ્થાપન-પૂજન કરીને ૯-૩૦ વાગ્યે સંતો-યજમાનો દ્વારા કથાનું દીપ પ્રાગટ્ય કરીને કથાનો શુભારંભ થયો હતો. કથાના વકતા શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા શા.સ્વામી દેવનંદનદાસજીએ વ્યાસાસન ઉપર બિરાજમાન થઈને સંગીતની સૂરાવલી સાથે અદ્‌ભૂત પુરુષોત્તમપ્રકાશ ગ્રંથનાં માધ્યમથી



સ્વામિનારાયણ ભગવાનના મહિમાની, સંત મહિમાની, મંદિર મહિમાની તથા ઉત્સવ-ચરિત્ર મહિમાની કથાનું રસપાન કરાવીને શ્રોતાજનોને રસતરબોળ કર્યા હતા. કથાના પ્રથમ દિવસનાં





દ્વિતીય સત્રમાં શ્રીઘનશ્યામ પ્રાગટ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી વાસુદેવપ્રિયદાસજીએ પ્રાગટ્ય મહોત્સવના કીર્તનો ગાઈને તમામ હરિભક્તોને રાજી કર્યા હતા.

ગોધરા ગામના સમસ્ત હરિભક્તોનાં આમંત્રણથી માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વવલ્લભદાસજી, સદ્‌ગુરુ સ્વામી



શાંતિપ્રિયદાસજી, ભુજધામથી ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સદ્‌ગુરુ સ્વામી

ભક્તિપ્રિયદાસજી, સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી, વિલેપાર્લાના મહંત શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, થાણા મંદિરના મહંત પુ.સ્વામી પરમહંસદાસજી, શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી, શા.સ્વામી કૃષ્ણજીવનદાસજી, શા.સ્વામી સંતસ્વરૂપદાસજી, અંજારધામથી સદ્‌ગુરુ સ્વામી કેશવજીવનદાસજી, કોઠારી સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, પ્રસાદી મંદિરથી પુ.સ્વામી પ્રભુસ્વરૂપદાસજી, પુ.સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, તથા ભુજ મંદિર સંચાલિત તમામ ગુરુકુળોમાંથી કુલ્લ મળીને ૯૦ સંતો-મહંતો ઉત્સવમાં પધારીને હરિભક્તોને માંડવી શ્રીવૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજના તથા ભુજ શ્રીનરનારાયણદેવના નિષ્ઠાવાન થઈને નિત્ય સત્સંગ કરવાનાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ગોધરા ગામના સમસ્ત હરિભક્તોની છેલ્લા ૧૨ વર્ષની વિશુદ્ધ ભાવનાને પૂરી કરવા માટે અમદાવાદ દેશ શ્રીનરનારાયણદેવ પિઠાધિપતિ ૧૦૦૮ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધારીને દર્શન તથા આશીર્વાદનું સુખ આપ્યું હતું.



તા.૮/૫/૨૪ બુધવારના પવિત્ર દિવસે સ્વામિનારાયણ મંદિરના ૬૧ માં વાર્ષિક પાટોત્સવની મહારાજશ્રી તથા સંતો-ભક્તોની હાજરીમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત વિગેરે દ્રવ્યોથી અભિષેક કરી શ્રીઠાકોરજી સન્મુખ ભવ્ય અન્નકૂટની મહારાજશ્રી એવં સંતો-ભક્તોએ



આરતી કરી હતી. ત્યારબાદ નૂતન તૈયાર થયેલા શિખરોનું ભૂદેવો દ્વારા મંત્રોચ્ચારની સાથે પૂજન કરીને ધજા ચડાવવામાં આવી હતી.

તા.૭/૫/૨૪ બુધવારના સાંજે સમાજવાડીના પટાંગણમાં એક વશેષ રાત્રી સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે શા.સ્વામી દેવચરણદાસજી વ્યાસાસને બિરાજમાન થઈને ગાય આધારિત ખેતી વિષય ઉપર સુંદર મજાનું વક્તવ્ય આપીને ગાય નજીક થવાની અને ગાય આધારિત ખેતી કરવાની મીઠી ભલામણ કરી હતી. આવી સત્સંગસભાના માધ્યમથી ગોધરા ગામના પાંચ હરિભક્તો ગાય આધારિત ખેતી અભિયાનમાં જોડાઈને ઓર્ગેનિક ખેતી કરવાની પહેલ કરી હતી.

કથા અંતર્ગત શ્રીસહજાનંદ સ્વામીના પટ્ટાભિષેક પ્રસંગે બેન્ડપાર્ટીના સૂરાવલીમાં પ્રકૃતિના રસથી શ્રીસહજાનંદ સ્વામીનો ભવ્ય અભિષેક કરવામાં આવ્યો હતો. તથા સાંજે સંતોના સાનિધ્યમાં ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં





આવ્યું હતું. બહેનોના મંદિરના મહંત સાં.યો.કાનબાઈફઈના આમંત્રણથી ભુજધામથી બહેનોના મંદિરના મહંત સાં.યો. સામબાઈફઈ આદિ માંડવી તથા કચ્છ ચોવિસીમાંથી ૮૦ જેટલા સાં.યો.બહેનો પધારી ઉત્સવની શોભામાં વધારો કર્યો હતો.

કથાના અંતિમ દિવસે કથાના યજમાન પરિવાર દ્વારા કથાના વકતા શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા શા.સ્વામી દેવનંદનદાસજીનું શાલ ઓઢાડીને પૂજન કરવામાં આવ્યું હતું. તેમજ માંડવી મંદિરના સંતો દ્વારા ઉત્સવમાં સેવા કરનાર ગોધરા ગામના સમસ્ત





હરિભક્તોનું પ્રસાદીની શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. કથાના સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, માંડવી મંદિરના કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી, પુ.સ્વામી કેશવપ્રિયદાસજી, સ્વામી સત્યજીવનદાજી, સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી તેમજ સાંખ્યયોગી બહેનો તથા ગોધરા ગામના સમસ્ત યુવકો તથા યુવતી બહેનોએ જહેમત ઉઠાવી હતી. કથાનું સંપૂર્ણ સંચાલન શા.સ્વામી દેવચરણદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ - શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી

## શ્રીસ્વામિનારાયણ મંદિર વેકરા ૧૫૮ મો વાર્ષિક પાટોત્સવ એવમ્ અ.નિ.સાંખ્યયોગી મહંત પ્રેમબાઇની સ્મૃતિમાં મહોત્સવ

શ્રીસ્વામિનારાયણ મંદિર વેકરા ૧૫૮ મો વાર્ષિક પાટોત્સવ એવમ્ અ.નિ.સાંખ્યયોગી મહંત પ્રેમબાઈની સ્મૃતિ મહોત્સવ નિમિત્તે વેકરા ગામ મધ્યે ભવ્ય યજ્ઞનું આયોજન યોજાયું. જેમાં તા.૨૯/૪/૨૪ ના ભવ્ય પોથીયાત્રા સાથે સંતો-



ભક્તોના સથવારે કથા મંડપમાં પધાર્યા હતા. તા.૩૦/૪/૨૪ ના કથાના દીપ પ્રાગટ્ય સાથે શ્રીસ્વામિનારાયણ ચરિત્ર રત્નાકર પચાહ્ન પારાયણ કથામૃતનું શુભારંભ થયો. જેમાં વક્તાપદે પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શાસ્ત્રી ડો. સ્વામી શુકમુનિદાસજી, પુરાણી સ્વામી રાઘવમુનિદાસજી રહ્યા હતા. સંગીતજ્ઞ સ્વામી શ્રીજીનંદનદસજીએ સંગીતની સૂરાવલીઓ સાથે શ્રોતાજનોને રસતરબોળ કર્યા હતા. સભા સંચાલક શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી રહ્યા હતા.



આ ઉત્સવમાં પ.પૂ.ધ.ધુ ૧૦૦૮ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત















સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, મંડળધારી મહંત સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્ગુરુ સ્વામી હરિબળદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં ઉત્સવ દિવ્ય અને ભવ્ય રીતે ઉજવાયો.

આ ઉત્સવ અંતર્ગત સંતોના માર્ગદર્શન હેઠળ વિવિધ ઉત્સવો ઉજવવામાં આવ્યા. મંદિરમાં પાટોત્સવ, અભિષેક, અન્નકૂટ, શ્રીઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, ભુજનગર આગમન, નગરયાત્રામાં કચ્છ ચોવિસીની મંડળીના ભક્તોએ કીર્તનોની રમઝટ બોલાવી હતી. રાત્રી કાર્યક્રમો, શ્રીઘનશ્યામ બાલમંડળ દ્વારા બાલમંચ, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમો, સંતવાણી અને રાસોત્સવ જેવા ઉત્સવોના આયોજનો થયા હતા.

અહેવા - પ્રવિણભાઈ હિરાણી

## સુરજપર ગામે બહેનોના શ્રીસ્વામિનારાયણ મંદિરનો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

સુરજપર ગામે શ્રીસ્વામિનારાયણ બાઈઓનાં મંદિરનો પંચદશાબ્દી મહોત્સવ અને ભાઈઓના મંદિરનો ૩૮ મો વાર્ષિક પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સાથે મુખ્ય દાતાશ્રીઓ અ.નિ.કેશરા દેવરાજ હાલાઈ, અ.નિ.રવજી દેવરાજ હાલાઈના પરિવારજનો તથા યજમાનશ્રી અ.નિ.વાલજી મુરજી પિંડોરીયા પરિવાર તથા હીરજી વાલજી

વેલજી હાલાઈ પરિવાર તથા માવજી કુંવરજી પિંડોરીયા સપરિવાર તથા બીજા સહ યજમાનશ્રીઓના સહકારથી તા.૨૫/૪/૨૪ ગુરુવારથી તા.૧/૫/૨૦૨૪ બુધવાર સુધી ઉજવવામાં આવેલ.

કથાના વકતા ડો.શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજી, ડો.શાસ્ત્રી સ્વામી શુકમુનિદાસજી, પુરાણી સ્વામી રાઘવમુનિદાસજીએ અમૃતવાણીની ધારા વહાવી હતી.

કથાનો સમય દરરોજ સવારના ૮-૩૦ થી ૧૧-૩૦ અને બપોરપછી ૩-૩૦ થી ૬ વાગ્યા સુધી હરિભક્તોને કથાવાર્તાથી રસતરબોળ કર્યા હતા.

કથામાં આવતા શ્રીઘનશ્યામ પ્રાગટ્યોત્સવ, પટ્ટાભિષેક, ફૂલદોલોત્સવ વિગેરે પ્રસંગો પણ ખૂબ ઉત્સાહ ઉમંગથી ઉજવવામાં આવેલ.

પંદર વર્ષ પછી અવસરને માણવાને માટે દેશ-વિદેશમાં વસતા ગામજનો પણ ખૂબ ઉત્સાહ ઉમંગ સાથે પધારેલા ને ગામ પ્રત્યેનો પ્રેમભાવ વતનપ્રેમ સારા એવા ભેટદાનથી દર્શાવેલો.

સપ્તાહ પારાયણના પ્રારંભે સવારના પોથીયાત્રા સ્વામિનારાયણ બહેનોના મંદિરથી ગામ



બાજુની વાડીમાં સભામંડપમાં પધાર્યા બાદ દીપ પ્રાગટ્ય કરી કથા શુભારંભ થયેલ. પારાયણ દરમિયાન ગ્રામજનોના આમંત્રણને માન આપી





પ.પૂ. મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી તથા ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા અલગ અલગ મંદિરો અને ગુરુકુળોથી બ્રહ્મનિષ્ઠ સંતો પધારી દર્શન આશીર્વાદનો દિવ્ય સુખ આપેલ. પ.પૂ.સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી પણ મંડળ સાથે પધારી આશીર્વાદ પાઠવેલ.



છઠ્ઠા દિવસે સવારે ચોવિસે ગામની વાજીંત્ર મંડળી સાથે ઠાકોરજીની શોભાયાત્રા ગામના ઝાંપા હનુમાનજીના મંદિરેથી નીકળી ગામમાંથી પસાર થઈ, મંદિર બજારે થઈને સભામંડપમાં પધારેલ. બપોરપછી સાંજે પાંચ વાગ્યે પ.પૂ.ધ.ધુ.૧૦૦૮



આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ સભામંડપમાં પધારી દર્શન સુખ આપેલ. મુખ્ય યજમાનશ્રીઓ તથા મંદિરની કાર્યવાહક કમિટી સદસ્યોને પહેરામણી સાથે શુભાશીર્વાદ પાઠવ્યા હતા. જેથી સર્વે હરિભક્તો કૃતકૃત્ય થયા હતા.

આ મંડળના મંડળધારી પ.પૂ.સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ પુરાણી



સ્વામી હરિબળદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, પુ.સ્વામી શ્રીપ્રકાશદાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શા.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી વિગેરે નાના મોટા સંતો અંતિમ દિવસ સુધી હાજર રહી દર્શન સુખ અમૃતવાણીનો લાભ આપેલ. સભા સંચાલક તરીકે શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા શા.સ્વામી



વિજ્ઞાનસ્વરૂપદાસજી રહ્યા હતા. અને અમોને માર્ગદર્શન આપી અમારા આ મહોત્સવને ખૂબ ધામધૂમથી ઉજવવામાં મદદરૂપ રહ્યા હતા. સંગીતકાર સ્વામી જનમંગલદાસજી અને સ્વામી દેવપ્રિયદાસજીએ સંગીતના સૂર વહાવી સહુ હરિભક્તોને ખૂબ રાજી કર્યા હતા.

આ મંડળધારી સહુ સંતમંડળે અમારા આ મહોત્સવને ચાર ચાંદ લગાવી પ્રકાશમાન કર્યો હતો. તે બદલ સુરજપર ગામજનો વતી ખૂબ ખૂબ આભાર સહ કોટાનકોટિ દંડવત્ નમસ્કાર સહ જય શ્રીસ્વામિનારાયણ.

અહેવાલ - નારાણભાઈ કેરાઈ સુરજપર

## આમારા ગામને આંગણે ઉજવાયો ભવ્ય જ્ઞાનયજ્ઞ

તા.૩/૫/૨૪ થી ૭/૫/૨૪ દરમિયાન આમારા ગામને આંગણે મહંત સાં.યો.કાન્તાબાઈ ફઈ તથા સાં.યો.પુરબાઈ ફઈના યજમાનપદે શ્રીમદ્‌ભાગવત પુરાણ અંતર્ગત 'દશમ સ્કંધ'ની કથા જે ''શ્રીકૃષ્ણ ચરિત્રામૃત''નું આયોજન રાખવામાં આવ્યું હતું. આમારા ગામના સત્સંગને લગભગ ૧૨૫ વર્ષ થયાં તે સમય દરમિયાન મંદિરો થયા, જીર્ણ થયા, જીર્ણોદ્ધાર થયાં અને છેલ્લે ૯ વર્ષ પહેલાં બંને મંદિરો નવા બન્યાં તેમના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે આ આયોજન થયું હતું.

તા.૧/૫/૨૪ ના પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન



સંતોની અમીદષ્ટિથી થયું જે ગામલોકોને દિવ્ય લાભ મળ્યો.

તા.૨/૫/૨૪ સવારના ભાગમાં અબડાસા વિસ્તારના બાળકો માટે બાલમંચનું આયોજન



યોજાયું હતું. જેમાં સાતેય ગામના બાળકો અને બાલિકાઓએ લાભ લીધો હતો. અને બપોરપછી પોથીયાત્રા નીકળી હતી જે ગામના મુખ્ય માર્ગેથી





થઈને વૃંદાવન ધામ પહોંચી ત્યાં ૫૦ ફૂટના ધ્વજદંડ અને ૬ ગજની ધજાનું પૂજન આરોહણ સંતોના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું.

તા.૩/૫/૨૪ ના સ્થાપન-પૂજન તથા દીપ પ્રાગટ્ય કરી સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં કથાની શરૂઆત થઈ જે તા.૭/૫/૨૪ સુધી ચાલી.

શ્રીકૃષ્ણ પરમાત્માના ચરિત્રોથી ભરપૂર



કથામૃત શા.સ્વામી દેવચરણદાસજી, શા.સ્વામી આનંદવલ્લભદાસજી, શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, શા.સ્વામી મુરલીમનોહરદાસજી આ ચાર વિદ્વાન વક્તાશ્રીઓએ તથા સંગીતજ્ઞ સંતો સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી વાસુદેવપ્રિયદાસજીના સથવારે પોતાની સુમધુર શૈલીમાં કથામૃત પાન કરાવી શ્રોતાજનોને ભાવવિભોર કર્યા હતા. કથા અંતર્ગત શ્રીકૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન ઉત્સવ, ઠાકોરજીની



શોભાયાત્રા, ગાયનું પૂજન, કૃષ્ણ-બલરામ મથુરા આગમન(કંસ વધ), વૃન્દાવન ડોલા ઉત્સવ, મહાઆરતી વિગેરે સંતોના માર્ગદર્શન હેઠળ થયા હતા. રાત્રી કાર્યક્રમમાં મહિલામંચ, ભજન સંધ્યા તથા રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.



આ ઉત્સવ દરમિયાન ગાય આધારિત ખેતી, પંચગવ્ય ચિકિત્સા તથા પંચગવ્ય વેચાણનું

આયોજન તપોવન ગુરુકુળ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ઉત્સવમાં ૧૦૦ થી વધારે સંતો તથા ૧૨૫ થી વધારે સાં.યો.બહેનો પધારી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. અબડાસા વિસ્તારના બધા ગામો સગરી તથા ભુજ ચોવિસી, વાગડ વિસ્તાર અને કચ્છ સત્સંગમાંથી હરિભક્તો પધારી ઉત્સવની શોભા વધારી હતી. મહોત્સવમાં પધારેલ સર્વે ભક્તો માટે શેરડી રસની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉત્સવમાં ગામના દરેક લોકો સહભાગી થયા હતા. ઉત્સવ દરમિયાન ગામની ગાયોને દરરોજ લીલો ચારો નીરવામાં આવ્યો હતો.

શ્રીઠાકોરજીને પંચામૃત અભિષેક સંતો અને યજમાનો દ્વારા કરાવી, અન્નકૂટ ધરાવી આરતી કરવામાં આવી. શ્રીઠાકોરજીની અસીમ કૃપાથી આ ઉત્સવ ખૂબ ધામધૂમથી નિર્વિઘ્ને પૂર્ણ થયો હતો.

અહેવાલ - અરવિંદભાઈ

## શ્રીસ્વામિનારાયણ મંદિર વાડાસર નવી કમિટીની નિમણુંક

શ્રીસ્વામિનારાયણ મંદિર વાડાસર તા. ભુજ-કચ્છની સર્વે હરિભક્તોની સામાન્ય સભા તા.૬/૪/૨૦૨૪ ને શનિવારે બપોર પછીના ૪-૩૦ કલાકે મંદિર મધ્યે મળી હતી, જેમાં એજન્ડા મુજબ નવા ટ્રસ્ટીઓની ચુટણી કરવાની હોતા આ અંગે સભાનું ભુજ મંદિરના સંતોની હાજરીમાં આયોજન કરવામાં આવ્યું હતું.

આ મંદિરના નવી કમિટીની નિમણુંક નીચે મુજબ સર્વાનુમતે કરવામાં આવી જેમાં પાંચ વર્ષની મુદત નક્કી કરવામાં આવેલ, જેને સર્વે હરિભક્તોએ હાજર રહી સમર્થન આપેલ છે. આ નવા નિમાયેલ કમિટી સભ્યો નીચે મુજબ છે.

૧.મુળજી મનજી ભુડીયા-પ્રમુખ, ૨.ભીખાલાલ લાલજી રાબડીયા-ઉપપ્રમુખ, ૩.વાલજી કરસન કેરાઇ-મંત્રી, ૪.મુરજી કાનજી રાબડીયા-ઉ.પ્રમુખ, ૫.હરેન્દ્ર લાલજી વેકરીયા-ખજાનચી, ૬.લખમણ વેલજી કેરાઇ-સહ ખજાનચી, ૭.કાન્તીલાલ કરસન કેરાઇ-સલાહકાર, ૮.મુરજી જાદવા રાબડીયા-કા.સભ્ય, ૯.સુરેશ વાલજી ભુડીયા-કા.સભ્ય.

ઉપરોક્ત તમામ હોદેદારોને ભુજ મંદિરના સંતો સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા પુ.સ્વામી શ્રીપ્રકાશદાસજીએ હાર પહેરાવી આશીર્વાદ પાઠવ્યા હતા.

અહેવાલ - પ્રમુખ મુળજી મનજી ભુડીયા - વાડાસર

## લોકસભાની ચૂંટણી માટે દરેક દેશવાસીઓને ભલામણ

તા.૭/૫/૨૦૨૪ લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં મતદાન હોવાથી ભુજ મંદિરના મહંત સ્વામીએ પોતાના મત અધિકારનો મંદિરમાં જ ઉપયોગ કરી દેશવાસીઓને પ્રેરણા કરી મતદાન કરેલું હતું. વડીલ સંતો મંદિરે તેમજ બીજા દરેક સંતો મતદાન મથકે જઇ મોટી લાઇનમાં બે કલાક સુધી ઉભા રહી મતદાન કરી લોકોને પ્રેરિત કર્યા હતા કે દેશને વિશ્વગુરુ બનાવવા અને આપણા સનાતન ધર્મની રક્ષા માટે આપણેજ આગળ આવવું જોઇશે અને સારા નેતાને ચૂંટવા પડશે.

ભુજ મંદિરના ૨૫૦ થી વધારે સંતો અને સમગ્ર કચ્છનાં સાંખ્યયોગી બહેનોએ ખૂબજ ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું હતું. જોકે પૂજ્ય મહંત સ્વામીએ અગાઉથી જ કચ્છ ગુજરાતની જનતાને પત્ર દ્વારા અપીલ કરી હતી કે આપણે દરેકે લોકશાહીના ભાગરૂપે દરેકને મતદાન કરવાનું છે એટલે દરેક કચ્છ ગુજરાતની જનતા ખૂબજ ઉત્સાહથી આજના દિવસે મતદાન કર્યું હતું. આ અંક આપના સુધી આવશે ત્યાં સુધીમાં મત ગણતરી થઇ ચૂકી હશે.

# સત્સંગ સમાચાર - વિદેશ

## શ્રીપૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર-નાઇરોબી આયોજિત શ્રીઘનશ્યામ મહોત્સવ આમંત્રણ

પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તેમજ ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી શ્રીપૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર-નાઈરોબી આયોજિત શ્રીઘનશ્યામ મહોત્સવની ભવ્ય ઉજવણી તા.૧૯ થી ૨૬-૧૨-૨૦૨૪ દરમિયાન યોજાશે. આ શુભ પ્રસંગ સાથે આપણા મંદિરનો મૂળ સ્થાપનાને ૮૦ મા પાટોત્સવ તેમજ નવા મંદિરનો ૨૫ મો પાટોત્સવ તથા આ ઉજવણીની ભવ્યતામાં ઉમેરો કરશે. શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિમય સપ્તાહભરની ઉજવણીમાં આવો હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

મંત્રીશ્રી ભીખાલાલ ગોરસીયા

## વોટ્સએપથી 'ધર્મસંદેશ' મેળવવા બાબત દેશ-વિદેશના આજીવન ગ્રાહકોને નમ્ર નિવેદન

શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશના આજીવન ગ્રાહકોને જણાવવાનું કે 'ધર્મસંદેશ' વોટ્સએપથી મેળવવા રજીસ્ટર થયેલ નામ, ગ્રાહક નંબર (અંકના કવર - રેપર પર દર્શાવેલ હોય છે) ગામનું નામ અને આપના વોટ્સએપ મોબાઈલ નંબર (૭૫૬૭૬૦૪૦૦૦) આ નંબર ઉપર વિના વિલંબે મોકલી આપશો. પોસ્ટની સાથે આપના ફોનમાં પણ આ ધર્મસંદેશ પીડીએફ મોકલી આપવામાં આવશે.

## નોંધ :- અંક ન મળવા બાબત

શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશના આજીવન ગ્રાહકોને નમ્ર નિવેદન હાલમાં ઘણા ગ્રાહકોને હમણાં ઘણા સમયથી ટપાલ દ્વારા પોસ્ટમાં શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ મળતું નથી એવી ફરિયાદો આવે છે. સંદેશ કાર્યાલયમાંથી નિયમિત રીતે દર મહિને દેશ-વિદેશના લગભગ ૮૯૦૦ જેવા અંક પોસ્ટ દ્વારા નિયત કરેલ તારીખે રવાના કરવામાં આવે છે. છતાં ગ્રાહકોની ફરિયાદને ધ્યાને લઈને મુખ્ય પોસ્ટ ઓફિસમાં લેખિતમાં રજૂઆત પણ કરવામાં આવેલ છે.

તેમ છતાં ગ્રાહકોને નમ્ર વિનંતી છે કે તમો તમારા વિસ્તારને લગતી પોસ્ટ ઓફિસમાં તમો પણ લેખિતમાં ફરિયાદ કરીને પોસ્ટ ઓફિસના સિક્કાવાળી એક કોપી પરત લેવી જે તમારા પાસે રહે.

બીજું ઘણા ગ્રાહકોના અંક પરત આવે છે. તો જે જે ગ્રાહકોના એડ્રેસ ચેન્જ થયા હોય અથવા એક જગ્યાએથી બીજી જગ્યાએ શીફટ થયા હોય એવા ગ્રાહકો પોતાના પૂરા નામ સરનામા સાથે આ મોબાલઈ ૭૫૬૭૬૦૪૦૦૦ નંબર ઉપર પૂરી વિગત લખીને સુધારો કરાવવા વિનંતી.

અને ભારતભરમાં ક્યાંક રાજ્ય કે જિલ્લા

અલગ થયા હોય તો જે તે જગ્યાના પિનકોડ નંબર ફેરફાર હોય તથા કચ્છમાં ક્યાંક નવાવાસ-જુનાવાસ અથવા ઉપલોવાસ-નીચલોવાસ જે ફેરફાર હોય તે ખરાઇ કરાવી સુધરાવી લેવા.

ઘણા ભક્તો આજીવન સભ્યની નોંધણી થયેલ વ્યક્તિ જે અક્ષરનિવાસી(ધામમાં ગયેલ) થયેલ હોય તો તેના નામ પોતાની નૈતિક ફરજ સમજીને કમી કરાવી પોતાના નામે આજીવન ગ્રાહક દેશમાં રૂપિયા ૫૦૧ ભરી રિન્યુ કરાવેલ છે.

અને ઘણાના નામ કમી થયેલ નથી તો તે પોતાની ફરજ સમજીને કમી કરાવી પોતાના નામે દેશમાં રૂપિયા ૫૦૧ ભરી રિન્યુ કરાવવા વિનંતી.

શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
મોબાઈલ નંબર - ૭૫૬૭૬ ૦૪૦૦૦

-તંત્રીશ્રી

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઇ ઝીણાભાઇ જેશાણી ધ.પ.અ.નિ.રતનબાઇ, સુત ભીમજી ધ.પ.ધનબાઇ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ.(અમેરિકા)

૫૦૧- અ.નિ.સામજીભાઇ નારાણભાઇ છાંગાના મોક્ષાર્થે હ-છાંગા પરિવાર (દેવજીભાઇ) - હિરાપર

૨૦૦- ધન્ય ઈવેન્ટ, ભાવેશભાઇ બંકીમ સોમૈયા તરફથી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ભુજ

૨૦૦- શ્રીપ્રેમવતી વાસ્તુ શાસ્ત્ર, હ-રાજેશભાઇ નિસર - મુંબઇ

૨૫૧- રામજી વાલજી જેશાણી ધ.પ.માનબાઇ શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા.

૨૦૧- અરુણાબેન અશ્વિન શાહની લગ્ન વર્ષગાંઠ નિમિતે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ભુજ

૫૦૦- પરેશ લક્ષ્મણ હિરાણીને ઘેર પુત્ર રત્ન પ્રાપ્તિ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા-ની.વા.

૫૦૦- ખુશ્બુ હીરજી વાગજીઆણી, હસ્તે-હીરજી વેલજી વાગજીઆણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે -હા-નૈરોબી-નારાણપર

૫૦૦- હેતાંશીબેન ધીરજ ભુડીયા શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ઓસ્ટ્રેલિયા-એડેલાઈડ

૫૦૦- દિશાબેન રજનીશ ભુડીયા શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ઓસ્ટ્રેલિયા-એડેલાઈડ

૧૦૦- વિજય મુકેશ હિરાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે હસ્તે-માવજીભાઇ - ફોટડી

૨૫૦- અ.નિ.મંજુલાબેન જીતેશ સામજી વેકરીયાના મોક્ષાર્થે હસ્તે નારાણભાઇ કાનજી રાઘવાણી - માંડવી

૫૦૦- જીજ્ઞાસા માવજી વાઘજીઆણી આર એન્ડ બી માં સરકારી નોકરી મળેલ તે નિમિતે શ્રીનરનારાયણદેવને ભેટ મદનપુર

૨૦૧- યાચના મહેશભાઇ વેકરીયા જન્મદિવસ નિમતે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે હસ્તે-જશુબેન - મીરજાપર

૨૫૧- માનબાઇ રામજી વાલજી જેશાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે હસ્તે રામજી વાલજી જેશાણી- બળદિયા

૨૦૦- અ.નિ.વેલજી રામજી ગોપાલ રાબડીયા, ધ.પ.રતનબેન શ્રીસમૂહ ભાગવત નિમિતે ભેટ, હસ્તે-કલ્યાણભાઇ - બળદિયા

૨૦૦- અ.નિ. માવજી હરજી જીવાણી, ધ.પ.રામબાઇ શ્રીસમૂહ ભાગવત નિમિતે ભેટ, હસ્તે-દીકરી પ્રેમબાઇ, - બળદિયા

૨૦૦- અ.નિ.દેવશીભાઇ વીરજી વેકરીયા, ધ.પ.કેશરબાઇ દેવશી શ્રીસમૂહ ભાગવત નિમિતે ભેટ, હસ્તે- કલ્યાણભાઇ બળદિયા

૫૦૦- વીરજી ધનજી ગામી ધ.પ.કાન્તાબેન વીરજી, પુત્ર બિપીન, કેતન ગામ પુત્રવધુ દીપ્તી કેતન ગામી, પૌત્ર જનક શ્રીનરનારાયણદેવના ૨૦૧ માં પાટોત્સવ નિમિતે - કેરા હાલે-વિલ્સડન-લંડન

૨૦૦- ગોવિંદ કરસન વરસાણી, ધ.પ.સવિતાબેન, શ્રીનરનારાયણદેવના ૨૦૧ માં પાટોત્સવ નિમિતે - માધાપર

૨૦૦- મેઘજી કરસન પોકાર, પૌત્રી નિતિબેન ધોરણ-૭ માં ૯૦ ટકા પ્રાપ્ત કરેલ તે નિમિતે - દોલતપર

૨૫૦- ભાવિનીબેન ખીમજી ગોંડલીયા શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે સરકારી હોસ્પિટલમાં નોકરી મળી તે નિમિત્તે હસ્તે-કુંવરબાઇ કોડકી હાલે પર્થ-ઓસ્ટ્રેલિયા

૨૫૦- નંદિનીબેન ખીમજી ગોંડલીયા શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે એન્જીનીયરીંગ કરીને જોબ મળી તે નિમિત્તે હસ્તે-કુંવરબાઇ કોડકી હાલે પર્થ-ઓસ્ટ્રેલિયા

૨૫૦- મનિષ વિશ્રામ હિરાણીની સગાઇ નિમિતે, હસ્તે-વિશ્રામ શીવજી હિરાણી - માનકુવા

૨૫૦- જયા કાનજી નારદાણીની સગાઇ નિમિતે, હસ્તે- વિશ્રામ શીવજી હિરાણી - કેરા

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2024/UPTO 31-12-2024

## ભુજ મંદિરમાં વિરાજતા શ્રી નરનારાયણદેવનો ૨૦૧મો વાર્ષિક પાટોત્સવ ગામ ભરૂચના પ. ભ. ભૂપેન્દ્રભાઇ રાવજી પટેલ ધ. પ. ઉર્મિલાબેન પરિવારનાં યજમાન પદે ધામધૂમથી ઉજવાઇ ગયો.









